**સુવિચાર**
મારા પરિવાર માટે પીડાકારક બની રહે એવા એક પણ વ્યસનનો શિકાર હું બનીશ નહિં.
:: સૌજન્ય ::
**નિલકંઠ જવેલર્સ** (લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭

પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૨૫/૦૫/૨૦૨૩, ગુરૂવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એકસપ્રેસ

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.

ફરસાણ • ખમણ • મીઠાઈ
શિવ ફરસાણ (ધારીવાળા)
નારણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.

તંત્રી, પ્રકાશક, માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એકસપ્રેસ કાર્યાલયથી પ્રસિધ્ધ કર્યુ. : વિક્રમ સંવંત ૨૦૭૯ જેઠ સુદ-૬ વર્ષ : ૧૫ અંક : ૧૩૭

તા. ૨૬-03-૨0૨3 ને રવિવાર, સમય : સવારે ૯ થી ૧૨ સુધી
Radhika Multispeciality Hospital
કિડનીનાં રોગો તથા ડાયાલિસીસ દરમ્યાન થતી તકલીફો અને તેના ઉપાયો અંગે માર્ગદર્શન આપશે.
શેલ્બી હોસ્પિટલ, અમદાવાદનાં પ્રખ્યાત કિડનીનાં રોગો તથા ટ્રાન્સપ્લાન્ટનાં નિષ્ણાંત
કિડની રોગ વિભાગ
ડો. જીગર શ્રીમાળી
MD.DM. નેફ્રોલોજીસ્ટ (ગોલ્ડ મેડાલીસ્ટ)
નેત્ર ચિકિત્સા ટ્રસ્ટ - સંચાલિત
રાધિકા મલ્ટીસ્પેશ્યાલિટી હોસ્પિટલ (ગોળ દવાખાનું)
(ગોળ હોસ્પિટલ) ચિતલ રોડ, અમરેલી. ફોન નં. ૨૨૩૩૧૬/૨૨૮૯૦૪
કિડનીનાં રોગોનાં લક્ષણો
- પગે સોજા આવવા તથા મોઢે સોજા ચડવા
- પેશાબમાં વારંવાર ઈન્ફેકશન થવું, પેશાબ ઘટી જવો, પેશાબ અટકીને આવવો, લાલ પેશાબ આવવો.
- વારંવાર શ્વાસ ચડવો.
- ઉલ્ટી-ઉબકા થવા ભુખ ઓછી લાગવી.
નિદાન ફી રાહત દરે

## શહેરને સુંદર, રળિયામણું અને ટ્રાફિક સમસ્યાથી મુકત કરવા માટે

# અમરેલી શહેરમાં ૭૦૦થી વધુ દબાણોને દૂર કરાયા

એક DYSP, ૬ પીઆઈ, ૨૦ પીએસઆઈ અને ૨૪૦ પોલીસકર્મીઓનાં કાફલા સાથે પાલિકા દ્વારા દબાણ હટાવવાની કામગીરી શરૂ થઈ

શહેરનાં જુદા-જુદા વિસ્તારોમાંથી દબાણ દૂર કરવા માટે જુદી-જુદી ૬ ટીમોની રચના કરવામાં આવી

દબાણ હટાવ ઝૂંબેશ શરૂ થતાં શહેરીજનોનાં ટોળેટોળા જેસીબીની પાછળ ફરતા જોવા મળ્યા

પાલિકાનાં ચીફ ઓફિસર રઘુવીરસિંહ ઝાલાએ શહેરમાં ભેદભાવ વગર દબાણ દૂર કરવાની ખાત્રી આપી



અમરેલી, તા. ૨૪
અમરેલી જિલ્લામાં વિવિધ નગરપાલિકા દ્વારા ડીમોલેશનની કામગીરી હાથ ધરવામાં આવી છે. સાવરકુંડલા, ધારી અને બાદમાં અમરેલી શહેરમાં પણ ગેરકાયદેસર રીતે દબાણો હટાવવાની કામગીરી શરૂ કરવામાં આવી છે. પાલિકાનું બુલડોઝર પોલીસના મોટા કાફલા વચ્ચે આજે એક સાથે ૭૦૦ થી વધુ દબાણો દૂર કરવામાં આવ્યા હતા.

અમરેલી શહેરમાં નગરપાલિકા દ્વારા દબાણો દૂર કરવાની ઝુંબેશ હાથ ધરવામાં આવી છે. શહેરમાં કરવામાં આવેલા ગેરકાયદેસર દબાણો પર બુલડોઝર ફરી રહ્યું છે. આજે પ્રશાસન દ્વારા જુદી-જુદી ૬ જેટલી ટીમો બનાવી શહેરમાં આવેલ ચિતલ રોડ, લાઠી રોડ, રાજકમલ ચોક, સંકુલ રોડ, સાવરકુંડલા બાયપાસ રોડ, ઈન્દિરા શાકમાર્કેટ રોડ, રૂપમ ટોકીઝ રોડ સહિતના વિસ્તારોમાં દબાણ દૂર કરવામાં આવ્યા હતા. અહીં પાલિકાના પ્રાથમિક સર્વેમાં સામે આવેલા કુલ ૯૦૦ જેટલા દબાણો દૂર કરવાના હતા. જેમાંથી ૭૦૦ થી વધુ દબાણો દૂર કરી દેવામાં આવ્યા હતા. રસ્તામાં આવતા ઓટલાઓ, છાપરાઓ તેમજ પાકું રોડ પરનું બાંધકામ દૂર કરવામાં આવ્યા હતા. મોટી સંખ્યામાં પોલીસનો કાફલો પણ જોડાયો હતો. અહીં ડીવાયએસપી, ૬ પીઆઈ, ૨૦ પીએસઆઈ, ૨૪૦ પોલીસ કર્મચારીઓ સહિતના પોલીસ કાફલા સાથે હોવાથી શાંતિપૂર્ણ માહોલ વચ્ચે સાંજ સુધીમાં દબાણો દૂર કરવાની કામગીરી હાથ ધરવામાં આવતા શહેરના રાજમાર્ગો વિશાળ

અનુસંધાન પાના ૬ ઉપર

### ખાંભા-તુલસીશ્યામ રેન્જનાં

## રબારીકા રાઉન્ડમાં આવેલ દલડી ગામે ઈલેકટ્રીક શોર્ટ લાગવાથી મોર અને માદા દીપડીનું મોત

### મોટા બારમણ નજીક સિંહબાળનું પણ ઈનફાઈટમાં મોત

અમરેલી, તા. ૨૪
ખાંભા તુલશીશ્યામ રેંજનાં રબારીકા રાઉન્ડ નીચેના દલડી ગામે ખેડૂતની વાડીમાં ટ્રાન્સફોર્મર (ટી.સી.) માં મોરનાં શિકાર અર્થે ચડેલ દીપડી અને રાષ્ટ્રીય પક્ષી મોર બંનેને ઈલેકટ્રીક શોક લાગવાથી બંનેના મોત નીપજયા હતા. આ ઘટનાને પગલે વન વિભાગ દ્વારા ઘટના સ્થળે તપાસ હાથ ધરી દીપડી અને મોર બંનેના મૃતદેહનું પીએમ કરી કાર્યવાહી હાથ ધરી હતી.



ત્યારે રબારીયા રાઉન્ડ નીચેના મોટા બારમણ ગામ નજીક એક

અનુસંધાન પાના ૬ ઉપર

- રૂટ કેનાલ ટ્રીટમેન્ટ (આરસીટી)
- દાંતનો સડો કાઢીને તેમાં ચાંદી/ડેન્ટલ સીમેન્ટ પુરવી
- મેટલ અને સીરામીક ફિક્સ દાંત
- પેઢાની સફાઈ તથા સર્જરી
- ચોગઠા બનાવવા
- ડેન્ટલ ઈમ્પલાન્ટ (સ્ક્રુ વડે દાંત ફીટ કરવા)
- વાકાચુકા દાંતની સારવાર

ડૉ. તુષાર બોરાણીયા (B.D.S.)
દાંત તથા પેઢાના રોગોનાં સર્જન
દાંતના મુળની સારવારના નિષ્ણાંત
ૐ ફેમિલી ડેન્ટલ કેર
પહેલો માળ, સારથી કોમ્પ્લેક્ષ, લીલીયા રોડ, અમરેલી-૩૬૫૬૦૧
ફોન : (૦૨૭૯૨) ૨૩૦૩૦૦

જોઈએ છે
પેટ્રોલપંપ પર કામ કરી શકે તેવા ભાઈઓ/બહેનો આકર્ષક પગારથી જોઈએ છે
શ્રી ક્રિષ્ના પેટ્રોલ પંપ
HP પેટ્રોલ પંપ, માણેકપરા, અમરેલી.

### પાલિકાનાં જેસીબીએ આઠથી દશ ફુટનાં ઓટલા દુર કર્યા

## અમરેલીનાં વર્ષો જુના ઈન્દિરા શોર્પિંગ સેન્ટરની ટ્રાફિકને અડચણરૂપ ફુટપાથને પણ હટાવી લેવાઈ

### આગામી દિવસોમાં બ્લોક લગાવીને ખુલ્લી જગ્યાને સુંદર બનાવી દેવાશે





અમરેલી, તા. ૨૪
અમરેલી ખાતે આવેલ પાલિકાનાં ઈન્દિરા શોપ્રિગ સેન્ટરની દુકાનો આગળ રહેલ ૮ થી ૧૦ ફુટનાં ઓટલાને પણ શાસકોએ શેહ-શરમ રાખ્યા વગર તોડીને સમગ્ર વિસ્તારને શુસોભિત કરવાનો યોગ્ય નિર્ણય કરતાં શહેરીજનોમાં આ કાર્યની ખુશી દબાઈ ગઈ છે.

ઈન્દિરા શોપિંગ સેન્ટરની માલીકી પાલિકાની હોવા છતાં પણ પાલિકાનું જેસીબી ઓટલા પર તુટી પડયુ હતું. અને શાક માર્કેટ પણ ત્યાં હોવાથી ટ્રાફિક સમસ્યા વિકરાળ બની હતી. વાહન પાર્કિંગ તેમજ તેમજ રાહદારીઓને પણ મુશ્કેલી થતી હોય પાલિકાનાં શાસકોએ મહાકાય ઓટલા દુર કરીને લેવલીંગ કરીને ભવિષ્યમાં પેવિંગ બ્લોક લગાડવાનો નિર્ણય કરતા સૌ કોઈ ખુશ થયા છે.

### મોટા બસ સ્ટેન્ડ વેપારી એસોસિએશનની નાયબ દંડકને રજૂઆત

# અમરેલીમાં ગેરકાયદેસર રીતે લાગેલ હોર્ડિંગ અને બોર્ડને પણ હટાવો

**અમુક વેપારીઓએ બોર્ડ, હોર્ડિંગ દૂર કર્યા ન હોવાથી આગામી દિવસોમાં પુનઃ દબાણ થવાની શકયતાઓ દર્શાવી**

**પાલિકાનાં શાસકોની દબાણ હટાવ ઝૂંબેશને વેપારીઓએ સ્વૈચ્છિક રીતે દબાણ દૂર કરીને સમર્થન પણ આપેલ છે**

**પાલિકાની નોટિસ બાદ અમુક વેપારીઓએ બોર્ડ–હોર્ડિંગ દૂર કર્યા ન હોય હટાવવા રજૂઆત કરાઈ**

**શહેરમાં તમામ દબાણકર્તામાં ભેદભાવ રાખ્યા વગર જ તટસ્થતાથી દબાણ હટાવવાની માંગ કરવામાં આવી**

અમરેલી, તા. ૨૪

અમરેલી મોટા બસ સ્ટેન્ડ વેપારી એસોસિએશને નાયબ દંડક કૌશિક વેકરિયા અને પાલિકાનાં પ્રમુખને પત્ર પાઠવેલ છ.

પત્રમાં જણાવેલ છે કે, ઘણા સમયથી નગરપાલિકા અને તંત્ર ધ્વારા દબાણ હટાવવાની ઝૂંબેશ ચાલી રહેલ હોય. જે સબબ દબાણ હટાવવા મુદે અનેક વેપારીઓ અને લારી–ગલ્લાવાળા સાથે સંતોષપૂર્વક કામગીરી થયેલ ન હોય અને તેમની સાથે "એકને ગોળ અને બીજાને ખોળ " જેવી વ્યવસ્થા કરેલ હોય તેમજ તે લગત કામગીરી જોવા મળેલ છે. અમારી દુકાન, મોલ, લારી–ગલ્લા વિગેરેનાં અડચણરૂપ દબાણ અમોએ સ્વૈચ્છાએ બરતરફ કરી દીધા હોય તેમ છતાં અમુક વગ ધરાવતા ઈસમો ધ્વારા નગરપાલિકાનાં નિયમોનું ઉલ્લંઘન કરીને જાહેર રસ્તાઓ ઉપર પોતાની પ્બલીસીટી જાહેરાતનાં હોર્ડિંગ, બેનર તંત્રના કહેવા છતાં તે લોકોએ કાયદાનું પાલન કરેલ નથી. આમ તંત્ર ધ્વારા જાહેરનામું બહાર પાડયા પછી પણ પોતાના નામ અને જાહેરાતવાળા બેનરો રસ્તાઓ પરથી ઉતારેલ નથી કે આ બાબતે તંત્ર તેમજ નગરપાલિકા ધ્વારા તેમની સાથે મિલાપીપણું કરી રહ્યાં હોવાનો આક્ષેપ વેપારી મંડળ અને ગામજનો ધ્વારા થઈ રહ્યો છે.

વધુમાં જણાવેલ છે કે, અરજી બાદ તાકીદે તેમની વિરૂધ્ધ પગલા નહી લેવામાં આવે તો વેપારીઓ ધ્વારા ફરી વખત પોતાની મનમાની કરી તેમજ લારી–ગલ્લાવાળા તેમજ દુકાનો ધરાવતા વેપારી પોત–પોતાના જાહેરાતનાં બોર્ડ, બેનરો ફરીથી લાગુ કરવામાં સફળ રહેશે તેવી આશંકા રહેલી છે.

તંત્ર ધ્વા ફરી વખત રિસર્વે કરી જે જગ્યાએ અનઅધિકૃત બેનરો, બોર્ડ, દબાણ છે તેને સત્વરે તાત્કાલિક ધોરણે દૂર કરવામાં આવે અને સર્વે તમામ લોકો, ગ્રામજનો, શહેરીજનોને ન્યાય આપવા અંતમાં માંગ કરેલ છે.

### જાફરાબાદ નજીક આવેલ

## બાબરકોટનાં પાટીયા પાસે યુવકે પોતાના પિતાનાં મજૂરીનાં પૈસા માંગતા માર પડયો

**શિયાળબેટ ગામનાં ત્રણ ઈસમો સામે ફરિયાદ**

અમરેલી, તા. ૨૪

જાફરાબાદ તાલુકાનાં મીતીયાળા ગામે રહેતા પરશોતમભાઈ રાણાભાઈ ચાવડા નામના ૨૨ વર્ષિય યુવકનાં પિતાજી શિયાળબેટ ગામે રહેતા બાબુભાઈ ભાયાભાઈ શિયાળ નાં વહાણમાં કામે જતા હોય અને તેના એક મહિનાનાં મજૂરીનાં પૈસા બાકી હોય. જેથી આ યુવકે તે પૈસા બાબુભાઈ પાસે માંગતા તેમને સારૂ નહી લાગતા હસમુખભાઈ બાબુભાઈ શિયાળ સહિત ત્રણ ઈસમોએ યુવકને ગાળો આપી, ઢીકાપાટુ, ધકકો મારી પછાડી દઈ છુટા પથ્થરનો ઘા કરી ઈજા કરી તથા યુવકનાં ઘરે જઈ તેમનાં માતા–પિતાને ગાળો આપી ધમકી આપ્યાની ફરિયાદ જાફરાબાદ ટાઉન પોલીસમાં નોંધાઈ છે.

### સાવરકુંડલા શહેરમાં આવેલ

## દેવળા ગેઈટ પાસે જાહેરમાં ક્રિકેટનો સટ્ટો રમતા ઈસમને પોલીસે ઝડપી લીધો

**પોલીસે રૂા. ૨૧ હજારનો મુદ્દામાલ કબ્જે લીધો**

અમરેલી, તા. ૨૪, સાવરકુંડલા ગામે રહેતા હરેશભાઈ પ્રતાપભાઈ બનજારા ગઈકાલે રાત્રીનાં સમયે સાવરકુંડલા ગામે દેવળા ગેઈટ પાસે જાહેર માં આઈપીએલ ક્રિકેટ મેચમાં ચેન્નાઈ સુપર કિંગ અને ગુજરાત ટાઈટન્સ વચ્ચે રમાઈ રહેલ મેચમાં પોતાના આર્થિક ફાયદા સારૂ ઓનલાઈન એપમાં જાહેરમાં હારજીતનો ક્રિકેટનો જુગાર રમતા હોય. પોલીસે તેમને રોકડ રકમ રૂા. ૧૦૯૫૦, મોબાઈલ ફોન–૧ મળી કુલ રૂા. ૨૦૯૫૦નાં મુદામાલ સાથે ઝડપી લીધો હતો. જયારે અન્ય બે હાજર નહી મળી આવેલ ઈસમની શોધખોળ આદરી છે.

### ફરિયાદી દર્શિત કાથરોટીયાને ન્યાય મળ્યો

## સુરત કોર્ટે ચેક રીર્ટન કેસમાં આરોપીને એક વર્ષની સાદી કેદની સજા ફટકારી

**ફરિયાદી પક્ષે એડવોકેટ રમેશ સાનેપરાની દલિલો સફળ રહી**

સુરત, તા. ૨૪

સુરત કોર્ટ ફરિયાદી દર્શિત કાથરોટીયાનાં કેસ સંદર્ભે મુંબઈનાં આરોપી એંકિત જૈનને ચેક રીર્ટન કેસમાં સાદી સજાનો હુકમ કરે છે.

વિગત એવા પ્રકારની છે કે, આરોપી ELBLLOS FASHIN ના નામથી મુંબઈ ખાતે પ્રીન્ટીંગનું કામકાજ કરાવી લેડીઝ કાફતાન વિગેરે વેચવાનો વેપાર–ધંધા કરતા હોય અને ફરિયાદી વેપારીના ઓર્ડર મુજબનાં કાપડની માર્કેટમાંથી ખરીદી કરી તેનાં પર પ્રીન્ટીંગ કરવાનું કામકાજ કરતા હોય, આરોપીએ ધંધાકીય રીતે ફરિયાદીનો સંપર્ક કરેલ, આરોપી એન અમો ફરીયાદી વચ્ચે પરીચય થયેલ એન આરોપીનાં ઓર્ડર મુજબનું કાપડ માર્કેટમાંથી ખરીદી કરી તેનાં ઉપર પ્રીન્ટીંગ કરી રૂા.૧૦,૩૭,૫૬૦/– વિગતનો માલ આરોપીને ટ્રાન્સપોર્ટ દ્વારા મોકલી આપેલ.


ફરિયાદીની આરોપી કાયદેસરની લેણી નીકળતી ઉપરોકત રકમ પૈકી તા. ૬/૪/૨૦૧૯ ના રોજ રૂા. ૬૫,૦૦૦ તા. ૨૮/૪/૨૦૧૯ ના રોજ રૂા. ૨૫,૦૦ તથા તા. ૯/૫/૨૦૧૯નાં રોજ રૂા.૧,૦૦,૦૦૦ પુરા બેન્ક મારફતે ચુકવી આપેલ અને બાદ બાકી લેણી રકમ રૂા. ૮,૪૭,૫૬૦ હિસાબ મુજબ કબુલ રાખી તેની ચુકવણીનાં પાર્ટ પેમેન્ટ પેટે આરોપીએ ત્રણ ચેકો રૂા.૫,૪૮,૧૨૧ ઈસ્યુ કરેલ જે ચકો ફરીયાદીએ પોતાની ખાતા વાળી બેંકમાં રજુ કરતા પરત થયેલ જે બાબતે લીગલ ડીમાનડ નોટીસ મોકલેલ. જેનાં સમય ગાળાનું પાલન ન થતાં નેગોશીયલ ઈન્સ્ટુમેન્ટ એકટની કમલ –૧૩૮ હેઠળ ફરીયાદી દાખલ હેઠળ ફરીયાદીએ કોર્ટ સુરતમાં ફરિયાદ દાખલ કરતા આરોપી હાજર થયેલ તથા સદર કેસનાં કાગળોની નકલ મેળ વી લીધેલ અને પ્લી રેકર્ડ થયેલ બાદ કેસની આગળની કાર્યવાહી કરવામાં આવેલ અને બાદ કોર્ટમાં ફરીયાદના એડવોકેટ રમેશ વી. સાનેપરાની રજુઆતો આધીન કોર્ટ તા. ૨૩/૫/૨૦૨૩ ના રોજ ચુકાદો આપી આરોપીને ધી નેગો. ઈન્ટુ.એકટની કલમ–૧૩૮ અન્વયે તકસીરવાર ઠેરવી ૧ (એક) વર્ષની સાદી કેદની સજાનો હુકમ ફરવામાં આવેલ છે. તથા ફરિયાદ વાળા ચેકોની રકમ દોઢી રકમનું વળતર ફરીયાદીને ચુકવી આપવાનો હુકમ કરવામાં આવેલ છે.


## અમરેલી જિલ્લામાં ગુજરાત યુવક કોંગ્રેસના પ્રમુખ હરપાલસિંહ ચુડાસમાનું કાલે આગમન

અમરેલી, તા. ૨૪

કર્ણાટક રાજયમાં ભવ્ય જીત હાંસલ કર્યા બાદ કોંગ્રેસ પક્ષની યુવા પાંખ દ્વારા સંગઠન અને વિવિધ રચનાત્મક કાર્યક્રમ ઘડવા અંતર્ગત એક અગત્યની કારોબારી બેઠકનું આયોજન કરવામાં આવનાર છે ત્યારે આ બેઠકમાં જિલ્લા યુવક કોંગ્રેસના પ્રભારી આદિત્યસિંહ પણ ખાસ ઉપસ્થિત રહી જિલ્લાના કાર્યકરોને માર્ગદર્શન આપશે.

આ મિટિંગ તારીખ ૨૬ને શુક્રવારના રોજ સવારે ૧૧ કલાકે મળ વામાં આવનાર છે ત્યારે આ બેઠકમાં





યુવાનોને વધુમાં વધુ જોડાવા અમરેલી જિલ્લા યુવક કોંગ્રેસના પ્રમુખ દેવરાજભાઈ બાબરીયા દ્વારા આહવાન કરવામાં આવ્યું છે.

### સમાજનાં આગેવાનો દ્વારા મુખ્યમંત્રીને પત્ર પાઠવીને તટસ્થ તપાસ કરવા માંગ

## અમરેલીનાં જશવંતગઢ ગામનાં અનુ.જાતિનાં પરિવારોને ન્યાય આપવામાં ઠાગાઠૈયા થતાં રજૂઆત

**એટીડીઓ, સર્કલ અને તલાટીમંત્રી સામે અન્યાય કર્યાનો આક્ષેપ**

અમરેલી, તા. ૨૪

(૧) અમરેલી તાલુકા, જીલ્લાના જશવંતગઢ ગામે અનુસૂચિત જાતિના લોકોના માટે સરકારએ ૧૦૦ ચો. વારના પ્લોટ માટે ફાળવેલ હતા. જે જમીન પર સ્થાનિક ગ્રામ પંચાયત અને તેઓના મળતીયાઓ દ્વારા ઊંડા ખાડા કરી જમીન પરની માટીની ચોરી કરીને ગેરકાયદેસર હેરાફેરી કરી ગેરકાયદેસર કૃત્ય સામે કાનૂની રીતે કાયદેસર પગલા ભરવા અંગે રજૂઆત અનુસુચિત જાતિના ગ્રામજનો દ્વારા કરવામાં આવેલ હતી.

(૨)આ મુદ્દે કરેલ રજૂઆત બાદ અમરેલી તાલુકા પંચાયતમાંથી તપાસ કરવા માટે જશવંતગઢ ગામે તપાસ માટે ટીમ આવેલ હતી, જે ટીમમાં મદદનીશ તાલુકા વિકાસ અધિકારી, સર્કલ અને તલાટી મંત્રી જશવંતગઢનો સમાવેશ કરવામાં આવેલ હતો.

વધુમાં જણાવ્યું કે અનુસૂચિત જાતિ વર્ગના લોકો માટે ૧૦૦ ચો. વાર પ્લોટ ફાળવવા માટે સરકાર દ્વારા જે જમીન નીમ કરેલ છે તે જમીન પર સ્થાનિક ગ્રામ પંચાયત અને અન્ય તેમના મળતીયા લોકો દ્વારા બુલડોઝર ચલાવી દીધેલ તેની તપાસ માટે ત્રણ સભ્યોની ટીમ આવેલ હતી જેમાં આવેલ ટીમ તરફથી ૧) ઈન્ચાર્જ આસિસ્ટન્ટ તાલુકા વિકાસ અધિકારી, ૨) વિસ્તરણ અધિકારી અને ૩) જશવંતગઢ ગામના તલાટી કમ મંત્રી સભ્ય હતા.

જશવંતગઢ ગામે તપાસ કરવા માટે આવેલ તપાસ ટીમ દ્વારા સ્થળ પર આવી અમોને ગેરમાર્ગે દોરી, સત્યથી વેગળું, ખોટું, બોગસ, હકીકતથી વિપરીત, સરકારી માટી ચોર, સરકારે અનુસુચિત જાતિના લોકોને ફાળવેલ જમીન પર જેસીબી ચલાવનાર લોકોને બચાવવા માટે, જવાબદાર પંચાયતના પદાધિકારીઓને બચાવવા, આ ગુનામાં સંડોવાયેલ ગુનેગારોને બચાવવા માટે અમને વાંચ્યા/વંચાવ્યા કે જોવા દીધેલ નહી અને અમારા નામે કોરા કાગળમાં સહીઓ કરાવી ખોટું પંચનામું કાગળો બતાવ્યા વગર સહીઓ કરાવી કરી જતા રહેલ છે.

વધુમાં જણાવ્યું કે, તપાસ કરનાર અધિકારીઓની તપાસ અમોને મંજુર નથી, અમારા નામે કોરા કાગળ માં ખોટુ બોલી સહીઓ કરાવી ખોટુ પંચ નામું કરેલ છે, જે અમોને માન્ય નથી, અમો આ પંચનામાને વંચાણે ન લેવા અને રદ્દ, બાતલ ગણવા માંગ કરેલ છે.

(૭)અમો ત્રણેય અનુસૂચિત જાતિના પુખ્ત વયના ઈસમો આથી આ પંચનામામાં સહી કરનાર, આ પંચનામું નકારીએ છીએ, અમોને છેતરીને કોરા કાગળ પર હકીકતથી વિપરીત, ખોટુ, બનાવટી અને વાસ્તવિકતાની તદ્દન વિપરીત કરેલ પંચનામાને રદ્દ કરવા વિનંતી કરીએ છીએ.

વધુમાં જણાવેલ કે અમારા નામે કોરા કાગળમાં સહી લઈ ખોટું પંચનામું કરી સરકારને ગેરમાર્ગે દોરવા અને પોતાની ફરજમાં બેદરકારી રાખનાર અધિકારીઓ વિરૂદ્ધ સખ્ત ફોજદારી અને ખાતાકીય કાર્યવાહી કરવા અમો વિનંતી કરીએ છીએ.

(૯)જશવંતગઢ ગામે તપાસ ટીમ દ્વારા ઈરાદાપૂર્વક, પોતાની ફરજમાં બેદરકારી દાખવી અમો (૧) માવજીભાઈ ખોડાભાઈ પરમાર, (૨) અમરશીભાઈ પ્રેમજીભાઈ પરમાર, અને (૩) પ્રવીણભાઈ નાથાભાઈ પરમારનાઓની કોરા કાગળ પર સહી કરાવી અમારી જાણ બહાર ખોટુ, વાંચ્યા/વંચાવ્યા વગર, જાણી જોઈને, પોતાની ફરજમાં બેદરકારી દાખવી, અવાસ્તવિક, હકીકતથી તદ્દન વિપરીત અમારા નામો વાળું ખોટું પંચનામું કરી અહેવાલ બનાવનાર અધિકારીઓ સામે ફોજદારી અને ખાતાકીય કાર્યવાહી કરવાની માંગણી કરીએ છીએ.

આગેવાનો માવજીભાઈ ખોડાભાઈ પરમાર, અમરસીભાઈ પ્રેમજીભાઈ પરમાર, તથા પ્રવીણભાઈ નાથાભાઈ પરમાર દ્વારા મુખ્યમંત્રીને આવેદનપત્ર આપી રજુઆત કરવામાં આવેલ છે.

### નાયબ દંડક કૌશિક વેકરિયાની જહેમત રંગ લાવી

## અમરેલી, કુંકાવાવ–વડિયા વિસ્તારમાં માર્ગો બનાવવા માટે રૂપિયા ૫.૫ કરોડ મંજૂર

**ગ્રામ્ય વિસ્તારનાં માર્ગોની મરામત કરાશે**

અમરેલી, તા. ૨૪

અમરેલી વિધાનસભામાં સમાવિષ્ઠ ગામોના વિવિધ બિસ્માર અને નબળા રસ્તાઓને રિસર્ફેસ કરવા માટેની પડતર જૂઆતોને ધારાસભ્ય કૌશિક વેકરિયાએ ગંભીરતાપૂર્વક હાથમાં લઈ સરકારમાં રજૂઆત કરતા સરકાર દ્વારા અમરેલી–કુંકાવાવ વિધાનસભા વિસ્તારનાં વિવિધ કામો માટે રૂપિયા ૫ કરોડ ૫૦ લાખ મંજુર કરવામાં આવેલ છે. જેથી હવે આ રસ્તાઓનું બહુ જલદી રિસર્ફેસિંગ કામ હાથ ધરવામાં આવશે.



જેમાં ચાડિયા–માળીલા રોડ ગ્રામ્ય માર્ગનું ૩.૫૦ કિ.મી. રિસર્ફેસીંગ સીસીરોડ તથા હોલ પ્રોટેકશન વોલનું એક કરોડ પંદર લાખનું કામ, ઈશ્વરિયા–ગીરિયા રોડ ગ્રામ્ય માર્ગનું ૬.૦૦ કિ.મી રિસર્ફેસીંગ એક કરોડ પચ્ચીસ લાખનું કામ, ચોંકી–નવા ઉજળા રોડ ગ્રામ્ય માર્ગનું ૨.૦૦ કિ.મી. રિસર્ફેસીંગનું રૂપિયા પચ્ચાસ લાખનું કામ, બાબાપુખર– થોરડી રોડ મુખ્ય જિલ્લા માર્ગ ૪.૦૦ કિ.મી. રિસર્ફેસીંગનું એંસી લાખનું કામ, મેઘાપીપળિયા–તરઘડી રોડ અન્ય જિલ્લા માર્ગનું ૨.૦૦ કિ.મી. રિસર્ફેસીંગનું રૂપિયા પચ્ચાસ લાખનું કામ, દડવા રાંદલ એપ્રોચ રોડ ગ્રામ્ય માર્ગનું ૦.૭૦ કિ.મી. રિસર્ફેસીંગનું રૂપિયા વીસ લાખનું કામ, લુણીધાર–જીથુડી રોડ અન્ય જિલ્લા માર્ગનું ૩.૦૦ કિ.મી. રિસર્ફેસીંગનું નેંવું લાખનું કામ તથા માંગવાપાળ એપ્રોચ રોડ અન્ય જિલ્લા માર્ગનું ૧.૦૦ કિ.મી. રિસર્ફેસીંગનું વીસ લાખનું કામ મળી કુલ રૂપિયા ૫ કરોડ ૫૦ લાખના કામોને મંજૂરી મળતા જોબ નંબર ફાળવી દેવામાં આવેલ છે.આ તમામ કામો ટુંક સમયમાં જ શરૂ કરવામાં આવશે. એમ કૌશિક વેકરિયાની અખબારી યાદીમાં જણાવવામાં આવેલ છે.

### એસપીની સુચનાથી સ્થાનિક પોલીસની કામગીરી

## બગસરા પોલીસ સ્ટેશનનાં પોકસોનાં આરોપીની અટકાયત કરાઈ

**પી.આઈ. ગીડાનાં માર્ગદર્શન તળે કાર્યવાહી શરૂ**



અમરેલી, તા. ૨૪

બગસરા પોલીસ સ્ટેશન એ–પાર્ટ આઈપીસી કલમ–૩૬૩ તથા પોકસો એકટની કલમ–૧૮ મુજબના કોઈ અજાણ્યો ઈસમ સદરહું ગુન્હાની ભોગબનનારને અપહરણ કરી લઈ ગયા વિ. બાબતનો ગુન્હો રજી. થયેલ હોય સદરહું ગુન્હાના કામે તપાસ દરમ્યાને ભોગવનારને શોધી કાઢી, ભોગવ બનનારનું અપહરણ કરી લઈ જનાર આરોપી મેહુલભાઈ હસમુખભાઈ વાળા (ઉ.વ.)૨૧ રહે. બગસરાને ગણતરીનાં કલાકોમાં ચોકસ બાતમી આધારે પકડી પાડી આગળની ધોરણની કાર્યવાહી કરવામાં આવેલ છે.

આ કામગીરીમાં બગસરા પોલીસ સ્ટેશનનાં પોલીસ ઈન્સ્પેકટર આઈ.જે.ગીડાના માર્ગદર્શન હેઠળ સર્વેલન્સ ટીમનાં હેડ કોન્સ. એસ.એચ.મીગ તથા હેડ કોન્સ કપીલભાઈ તરસરીયા પો.કોન્સ અજયદાન ગઢવી તથા પોલીસ કોન્સ આલકુભાઈ વાળા તથા પો.કોન્સ જયદીપભાઈ મકવાણા તથા પોલીસ કોન્સ. આલકુભાઈ વાળા તથા વુ.પો.કોન્સ કૈલાશબેન આદ્રોજા બગસરા પોલીસ સ્ટાફ જોડાયેલ હતા.

### તાલુકા કોંગ્રેસ પ્રમુખ મનિષ ભંડેરીનું નિવેદન

## અમરેલી ભાજપ શાસિત પાલિકાએ દબાણ હટાવવાના નામે ગરીબોની રોજીરોટી છીનવી

**ભાજપના કદાવર નેતાઓએ કરેલ દબાણ પણ દુર કરો**

અમરેલી, તા. ૨૪

છેલ્લા ૧૫ દિવસથી ભાજપ શાસિત અમરેલી નગરપાલિકા દ્વારા અમરેલીની જાહેર જનતાને ન્યુઝ પેપરના માધ્યમથી તથા ઓટો રીક્ષામાં લાઉડ સ્પીકર દ્વારા સ્વૈચ્છાએ દબાણ હટાવવા માટે અનુરોધ કરવામાં આવ્યો હતો. જે બાબતે આજરોજ નગરપાલિકાના ભાજપના શાસકો દ્વારા પોલીસ રક્ષણ સાથે અમરેલીના જાહેર માર્ગો ઉપર દબાણ હટાવવાની કામગીરી શરૂ કરવામાં આવેલ હતી.

આ ભાજપના શાસકો દ્વારા દબાણ હટાવો ઝુંબેશમાં એકને ખોળ અને બીજાને ગોળની નિતી સ્પષ્ટ જોવા મળે છે. નગરપાલિકાના ભાજપના શાસકો દ્વારા માત્રને માત્ર ગરીબ લોકોના ઝુંપડાઓ, ફૂટપાથ ઉપર પાથરણા પાથરીને રોજનું કમાઈને ઘરનું ગુજરાન ચલાવતા ગરીબો, રોડ–રસ્તા તથા ફૂટપાથ ઉપર લારી લઈને ઉભા રહેતા ગરીબ માણસો તથા નાની દુકાનો અને કેબીનોમાં નાનો ધંધો કરીને ઘરનું ગુજરાન ચલાવવા માટે દિવસ–રાત એક કરીને તનતોડ મહેનત કરતા ગરીબ લોકોનું દબાણ આ ભાજપના શાસકોને દેખાઈ છે, અને તે દૂર કરીને પોતાની શૂરવીરતા બતાવે છે. ખરેખર તો ભાજપના શાસકોમાં તેવડ હોય તો ભાજપના મળતીયાઓ તથા ભાજપના મોટા નેતાઓ દ્વારા આખે– આખા રોડ બંધ કરી દીધા છે અને ઘણાંય તો અડધા રોડે આવી ગયા છે તેનું દબાણ દુર કરીને બતાવે અને પછી ગરીબ માણસોનું દબાણ દુર કરવા માટે જાય તેવો પડકાર ભાજપના શાસકોને અમરેલી તાલુકા કોંગ્રેસ પ્રમુખ મનીષ ભંડેરીએ ફેંકયો છે.

## સ્થાનિક કાર્યકર્તા અને જશવંતગઢ ગામનાં કાંતિલાલ પરમારની માંગ

# અમરેલી જિલ્લા સહિત સમગ્ર રાજયનાં જાહેર સ્થળોએ સીસીટીવી કેમેરા લગાવો

**સુપ્રીમ કોર્ટ અને ગુજરાત હાઈકોર્ટની ગાઈડલાઈનનાં આધારે તમામ જેલ, હોસ્પિટલ, શાળા-કોલેજ, બસ સ્ટેન્ડ સહિતનાં સ્થળોએ સીસીટીવી કેમેરા લગાવો**

**જુદા-જુદા જિલ્લામાં કસ્ટોડિયલ ડેથનાં કિસ્સા વખતે થતો હોબાળો અટકાવવા માટે કેમેરા અત્યંત જરૂરી**

**અનેક જેલ, પોલીસ સ્ટેશનમાં સીસીટીવી કેમેરા નથી અથવા તો બંધ હાલતમાં જોવા મળે છે**

**રાજયનાં મુખ્યમંત્રીને પત્ર પાઠવીને જનહિતમાં યોગ્ય નિર્ણય કરવા માંગ કરવામાં આવી**

અમદાવાદ, તા. ૨૪

અમદાવાદ નિવાસી અને મુળ જશવંતગઢ ગામનાં જાગૃત નાગરિક અને છેવાડાનાં માનવી માટે સતત ચિંતીત કાંતિલાલ પરમારે રાજયનાં મુખ્યમંત્રીને પત્ર પાઠવેલ છે.

પત્રમાં જણાવેલ છે કે, દેશની સુપ્રીમ કોર્ટ અને રાજયની હાઈકોર્ટ દ્વારા જુદાજુદા સમયે આપવામાં આવેલ ગાઈડલાઈન્સ અને ચુકાદાઓમાં સ્પષ્ટ રીતે દેશના દરેક રાજયોમાં આવેલ જાહેર સ્થળો અને કસ્ટડીમાં રાખવામાં આવતા લોકોની સુરક્ષાને ધ્યાને લઈ દરેક જગ્યાએ સિસિટીવી કેમેરા લગાવવા નિર્દેશ કરવામાં આવેલ છે. સુપ્રીમ કોર્ટ અને હાઈકોર્ટ દ્વારા આપવામાં આવેલ નિર્દેશનું પાલન ન કરવું એટલે કોર્ટના હુકમનો અનાદર કરવા અને લોકોના માનવ અધિકારીઓનું હનન કરવા બરાબર છે.

વધુમાં જણાવેલ છે કે, છેલ્લા કેટલાક વર્ષોથી ગુજરાત રાજયમાં જુદાજુદા જિલ્લાઓમાં કસ્ટોડિયલ ડેથમાં બનાવો સમયાંતરે બહાર આવે છે. જેમાં જેલમાં જયુડિશીયલ કસ્ટડીમાં અને પોલીસ સ્ટેશનના લોકઅપમાં પોલીસ કસ્ટડીમાં ઘણા નાગરિકોના મોત થયાના બનાવો બનતા રહે છે અને બાદમાં તે ઘટનાનાના ગુના પણ નોંધવામાં આવે છે.

આવી ઘટનાઓ ઘટે કે તરતજ ભોગ બનનારના પરિવારના સદસ્ય તેમજ સમાજના લોકો અને આગેવાનો દ્વારા સબંધિત કચેરીઓમાં વારંવાર હોબાળો થતો જોવા મળે છે. કસ્ટોડીયલ ડેથની ઘટનાઓમાં આવી બાબતો મીડિયામાં આવે અથવા તો સમાજ દ્વારા લડત કે આંદોલન કરવામાં આવે કે પછી બંધારણીય સંસ્થાઓ દ્વારા કાન આંબળવામાં આવે ત્યારે જ આ બાબતે કાર્યવાહી થાય છે.

મોટાભાગના કેસોમાં આરોપીઓ સામે ત્વરિત કાનૂની કાર્યવાહી ન થવાને લીધે આરોપીઓ કાનૂની છટકબારીનો લાભ લઈ હાઈકોર્ટમાં જઈ કવોશિંગ પિટિશન કરવામાં આવતા જ હાઈકોર્ટમાંથી સ્ટે મળે અથવા તો તપાસ પર રોક લાગી જાય છે. જેથી આવા બનાવો રોકવા, આવા બનાવોમાં પૂરતા પુરાવા મેળવવા માટે અને સાચા આરોપીને સજા કરાવવા માટે દરેક જેલો, પોલીસ સ્ટેશનમાં, પોલીસ લોક અપ, નિશાળ, સ્કુલ, કોલેજ, હોસ્પિટલ, બસ સ્ટેન્ડમાં આધુનિક ટેક્નોલોજીથી સજજ ત્રીજી આંખ એવા સીસીટીવી કેમેરા હોવા ખૂબ જ જરૂરી છે.

વધુમાં જણાવેલ છે કે, નાગરિકોની સુરક્ષા માટે રાજય સરકાર દ્વારા આ મુદ્દે ત્વરિત કાર્યવાહી કરવી ખૂબ જ જરૂરી છે. હાલમાં મોટાભાગના પોલીસ સ્ટેશનમાં અને જેલોમાં સીસીટીવી કેમેરા નથી જયાં છે ત્યાં બંધ હાલતમાં જોવા મળે છે. અમુક જગ્યાએ ચાલુ છે તો અમુક જગ્યાએ બંધ હાલતમાં જોવા મળે છે.

ભારતની સુપ્રીમકોર્ટ અને રાજયની હાઈકોર્ટની ગાઈડલાઈન અને ચુકાદા મુજબનું અમલીકરણ કરવા અને રાજયમાં તેનું અમલીકરણ કરી રાજયની તમામ જેલો, પોલીસ સ્ટેશન અને લોકઅપ રૂમ, સ્કુલ, કોલેજ, હોસ્પિટલ, પંચાયતો, બસ સ્ટેન્ડ સહિતના જાહેર સ્થળોએ સીસિટીવી કેમેરા લગાવવા અંતમાં માંગ કરેલ છે.

---

### પ્રાંત અધિકારી દેસાઇનાં અધ્યક્ષસ્થાને

## અમરેલી પંથકમાં રોગચાળા નિવારણ અર્થે આરોગ્ય વિભાગની બેઠક યોજાઇ

**મામલતદાર સહિતના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા**



અમરેલી, તા. ૨૪

પ્રાંત અધિકારીની અધ્યક્ષતામાં અમરેલી તાલુકા શાખા અધિકારીની આગામી પોલીયો રાઉન્ડ, વાહક જન્ય તેમજ પાણી જન્ય રોગચાળા રસીકરણ કાર્યક્રમ ફેમીલી પ્લાનીંગ કાર્યક્રમની ટ્રાસ્ક ફોર્સ કમીટીની તાલુકા કક્ષાની મીટીગ મળેલ.

પ્રાંત અધિકારી વી.એસ. દેસાઈ તથા મામલતદાર વાય.એમ. જોષી તથા તમામ અધિકારી, અમરેલી તાલુકાના પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર/અર્બનના મેડીકલ ઓફીસરની હાજરીમાં ડો. રાજીવકુમાર સિંહા, તાલુકા હેલ્થ ઓફીસર તાલુકા અમરેલી દ્વારા તાલુકા ટ્રાસ્ક ફોર્સ કે તાલુકામાં તમામ કાર્યક્રમોમાં આગામી તા ૨૮/૫/૨૩ના રોજ એસએનઆઈ પોલીયો રાઉન્ડ હોય જેમાં ૦ થી ૫ વર્ષ તમામ બાળકોને પોલીયો વિરોધી રસી પીવડાવવામાં આવશે અને એક પણ બાળક આ રસીથી વંચીત ન રહે અને પુરતો સાથ અને સહકાર આપવા જણાવવામાં આવેલ આગામી ચોમાસાની ઋતુ આવતી હોય જેમાં મેલેરીયા, ડેન્ગ્યુ, ચીકનગુનીયા તથા પાણી જન્ય રોગો જેવા કે ઝાડા, ઉલ્ટી તમામ રોગચાળાની ચર્ચા કરવામાં આવેલ હતી અને આવતા વર્ષ માટે તકેદારી રાખવા માટે કીધેલ હતુ. જેવી કે જનની સુરક્ષા યોજના, કસ્તુરબા પોષણ સહાય યોજના, પ્રધાનમંત્રી માતૃવંદના યોજના, તબીબી સહાય યોજના વીશે માહીતગાર કરવામાં આવેલ હતા. માતા તથા બાળક વેકિસનેશન આપવામાં આવશે અને વંચીત ન રહે અને તમામ સહયોગ આપે તેવી અપીલ કરવામાં આવેલ હાલમાં સરકાર દ્વારા પીએમજેએવાય કાર્ડ કે જે લોકો પાસે માં-વાત્સલ્ય યોજના/માં-અમૃત યોજના કાર્ડ ધરાવતા હોય તે લોકોના કાર્ડ પુર્ણ થતાં હોય તો તમામે વહેલી તકે નવા આવકના દાખલા કઢાવીને નવા પીએમજેએવાય કાર્ડ ઘરના તમામ સભ્યોના વહેલી તકે કઢાવી લેવા કર્મચારીનો આભાર માની મીટીંગ પુર્ણ કરવામાં આવેલ.

---

### રાજુલા નજીક આવેલ

## વડ ગામેથી વિદેશી દારૂની ૭૪ બોટલ સાથે એક ઈસમની અટકાયત

**આરોપી વિરૂધ્ધ કાર્યવાહી શરૂ**



અમરેલી, તા. ૨૪

આગામી ભીમ અગિયારસના તહેવાર અન્વયે દેશી વિદેશી દારૂના વેચાણ, સંગ્રહ અને હેરફેરની પ્રવૃતિ કરતાં ઈસમો ઉપર વોચ ગોઠવી, તેમના ઉપર સફળ રેઈડ કરી, કડક કાર્યવાહી કરી તેમને પકડી પાડવાં જરૂરી સુચના અને માર્ગદર્શન જિલ્લા પોલીસ વડા દ્વારા આપેલ હોય જે અન્વયે રાજુલા પોલીસ સ્ટેશનના પો.ઈન્સ. જે.એન.પરમારની સુચના અને માર્ગદર્શન નીચે સર્વેલન્સ ટીમે આગામી તહેવાર અન્વયે રાજુલા વિસ્તારમાં પેટ્રોલીંગમાં હોય તે દરમ્યાન બાતમી રાહે હકિકત મળેલ કે રાજુલા તાલુકાના વડ ગામે આવેલ મંગળુભાઈ જેઠસુરભાઈ ધાખડાના રહેણાંક મકાને તેઓએ તથા તેની સાથે બીજા કેટલાક ઈસમો ભારતીય બનાવટના પરપ્રાંતિય ઈંગ્લીશ દારૂનો જથ્થો રાખી વેચાણ કરે છે જે આધારે રેઈડ કરતાં હકિકતવાળી જગ્યાએથી ભારતીય બનાવટના વિદેશી દારૂના જથ્થા સાથે મંગળુભાઈ જેઠસુરભાઈ ધાખડા રહે.વડ વાળા ઈસમને બોટલ નંગ-૭૪ કિંમત રૂપિયા ૩૦,૩૬૦ના મુદામાલ સાથે પકડી પાડી, સંડોવાયેલ આરોપીઓ વિરૂધ્ધ ધોરણસરની કાર્યવાહી કરેલ છે.

---

### સ્વચ્છતા અભિયાનની શરૂઆત જરૂરી

## જાફરાબાદમાં જાહેર શૌચાલયમાં બેફામ ગંદકીથી શહેરીજનો ત્રાહિમામ

**પાલીકાનાં શાસકો યોગ્ય કરે તેવી માંગ**



તસ્વીર : ભરત બારૈયા-જાફરાબાદ

જાફરાબાદ, તા. ૨૪

જાફરાબાદની પોસ્ટ ઓફિસની બાજુમાં આવેલ યુરીનલ બ્લોક શૌચાલય ઘણા સમયથી ગંદકીથી ખદબદતી હોય આ બાબતે પોસ્ટ ઓફિસના સત્તાધીશોએ લેખિત રજૂઆત છતાં પાલિકાના જવાબદાર અધિકારીઓ કે સફાઈ કર્મચારીઓ દ્વારા ખદબદતા દુર્ગંધ મારતી શૌચાલયની સાફ સફાઈ કરવામાં પણ થતાં ઠાગાઠૈયા સ્વચ્છતા અભિયાન માત્ર કાગળ પર ચાલતું હોવાનો નાગરિકો કરે છે આક્ષેપ એક બાજુ સરકાર સ્વચ્છતા અભિયાનની મુહિમો ચલાવે છે તેવા સમયે પાલિકા જવાબદાર અધિકારીઓની ઉલ્ટી ગંગા પોસ્ટ ઓફિસની બાજુમાં આવેલ નવી નક્કોર શૌચાલયની સાફસફાઈ કરવામાં પણ નગરપાલિકાના જવાબદાર અધિકારીઓ કરી રહ્યા છે. આંખ આડા કાન પોસ્ટ ઓફિસ જેવી મહત્વની કચેરી કે જયાં નાગરિકો અવારનવાર આવતા હોય છે.

જયાં નવી નક્કોર બનાવેલી શૌચાલયમાં શૌચક્રિયા કરવા લોકોને શ્વાસ લેવામાં પણ તકલીફ થતી હોય તેવી બદબુદાર દુર્ગંધ ત્રાહિમામ પોકારી ઉઠતા નાગરિકો સ્વચ્છતા અભિયાનના લીરેલીરા ઉડી રહ્યા હોય તો શું આ બાબતે નગરપાલિકાના સત્તાધીશો ધ્યાનમાં લેશે કે પછી હોતા હૈ ચલતા હૈ જનતા જનાર્દનના પરસેવાના પૈસાથી બનેલી આ શૌચાલયની સાફ સફાઈ કરવામાં પણ આળસ. આ શૌચાલયની દુર્ગંધથી નાગરિકો થઈ રહ્યા છે. હેરાનપરેશાન શૌચાલય બનાવી નગરપાલિકાના જવાબદાર સત્તાધીશ સાફસફાઈ કરવામાં કરી રહ્યા છે ઠાગાઠૈયા. જાહેરમાં આવેલ ઘણીખરી શૌચાલયઓ લાંબા સમયથી સાફ સફાઈ ન કરવાથી ગંદકીથી ખદબદતી હોય છે. તેમજ સાફસફાઈ કરવામાં આવે તો માત્ર ને માત્ર પાણી નાખી સાફ કરી દેવામાં આવે છે. પરંતુ તેમાં ફીનાઈલ તેમજ ડીડીટી છંટકાવ કરવામાં પણ નથી આવતો આ પોસ્ટ ઓફિસની બાજુમાં આવેલ જાહેર શૌચાલય દિવસ. ૫, નગરપાલિકા દ્વારા સાફ સફાઈ કરવામાં નહીં આવે તો ઉચ્ચકક્ષાએ રજૂઆત કરવામાં આવશે તેવું જાગૃત નાગરિક દ્વારા જણાવેલ છે.

























### ભારતની સંસદનું નવું ભવન બનીને તૈયાર, મોદી ઉદ્‌ઘાટન કરશે

# નવા સંસદ ભવનના મોદીના દ્વારા ઉદ્‌ઘાટનનો ૧૯ વિપક્ષનો બહિષ્કાર

### વિપક્ષી દળોનું કહેવું છે કે ઉદઘાટન પીએમ નહીં રાષ્ટ્રપતિએ કરવું જોઈએ, વિપક્ષે આક્ષેપ કર્યો છે કે તે રાષ્ટ્રપતિની ગરીમાને નબળી પાડી રહ્યા છે

નવી દિલ્હી, તા.૨૪

ભારતની સંસદનું નવું ભવન બનીને તૈયાર થઈ ગયું છે ત્યારે પીએમ મોદી આગામી ૨૮મેના રોજ તેનું ઉદઘાટન કરવાના છે.

આ દરમિયાન ઉદઘાટન અંગે રાજકારણ ગરમાયું છે. કોંગ્રેસ, ડાબેરીઓ અને આમ આદમી પાર્ટી સહિત વિપક્ષી દળોનું કહેવું છે કે ઉદઘાટન પીએમ મોદીએ નહીં પણ રાષ્ટ્રપતિએ કરવું જોઈએ. આટલું જ નહીં વિપક્ષે સરકાર સામે આક્ષેપ કર્યો છે કે તે રાષ્ટ્રપતિની ગરીમાને નબળી પાડી રહી છે. તેમને સરકારના વડા હોવા છતાં ઉદઘાટન માટે બોલાવાયા નથી. આ દરમિયાન કોંગ્રેસ, આમ આદમી પાર્ટી, ઉદ્ધવ ઠાકરેની શિવસેના, એનસીપી, આરજેડી, જદયુ સહિત ૧૯ વિપક્ષી દળોએ આ સમારોહમાં હાજરી નહીં આપી તેનો બહિષ્કાર કરવાની જાહેરાત કરી દીધી છે. પીએમ મોદીના હસ્તે સંસદના ઉદઘાટન અંગે સૌથી પહેલા કોંગ્રેસના પૂર્વ સાંસદ રાહુલ ગાંધીએ સવાલ ઊઠાવ્યો હતો. તેમણે કહ્યું હતું કે આ ઉદઘાટન પ્રધાનમંત્રીએ નહીં પણ રાષ્ટ્રપતિએ કરવું જોઈએ. તેમના પછી કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાઅર્જુન ખડગે સહિત અનેક વિપક્ષી દળોએ મોરચો ખોલ્યો હતો. હવે ઉદ્ધવ ઠાકરેના નેતૃત્વ હેઠળની શિવસેના, કોંગ્રેસ, આપ, એનસીપી, સીપીઆઈ, સીપીએમ, એઆઈએમઆઈએમ, આરજેડી અને જેડીયુએ પણ આ કાર્યક્રમનો બહિષ્કાર કરવાની જાહેરાત કરી દીધી છે. બંગાળની સત્તાધારી પાર્ટી ટીએમસી અને તમિલનાડુની ડીએમકે પણ આ કાર્યક્રમમાં હાજરી નહીં આપે.

હાલમાં ભારત રાષ્ટ્ર સમિતિ અને અકાલી દળ વતી કોઈ નિર્ણય આવ્યો નથી. એવું મનાય છે કે બહિષ્કારનો નિર્ણય બીઆરએસ પણ કરી શકે છે. જોકે અકાલી દળ આ કાર્યક્રમમાં સામેલ થઈ શકે છે. જોકે તેમના વતી પણ કોઈ નિર્ણય આવ્યો નથી. જ્યારે યુપીની મુખ્ય વિપક્ષી પાર્ટી સપા અને આરએલડીએ કાર્યક્રમના બહિષ્કારની જાહેરાત કરી છે. જોકે ચર્ચા એવી છે કે માયાવતીની બસપા અને આંધ્રપ્રદેશની સત્તાધારી વાયએસઆર કોંગ્રેસ આ કાર્યક્રમમાં જોડાઈ શકે છે. બીજેડીએ હજુ આ મામલે કોઈ નિર્ણય કર્યો નથી.

### એએપીના સાંસદ સંજય સિંહનો પક્ષપાતનો દાવો

# દિલ્હીમાં લિકર પોલિસી કૌભાંડ મામલે ઈડીના ૬ સ્થળ પર દરોડા

### આપના સાંસદે ઈડીની આ કાર્યવાહીને ધર્માંધતા ગણાવી, આ અંગે સંજય સિંહે ટ્‌વીટર પર એક વીડિયો શેર કર્યો

નવી દિલ્હી, તા.૨૪

આમ આદમી પાર્ટીના સાંસદ સંજય સિંહે દાવો કર્યો છે કે એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટની ટીમો તેમનાસહયોગીઓના ઘર પર દરોડા પાડી રહી છે. સાંસદ સંજય સિંહ હાલમાં દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ સાથે અન્ય પક્ષોના નેતાઓને મળવા માટે દિલ્હીની બહાર ગયા છે. આપના સાંસદે ઈડીની આ કાર્યવાહીને ધર્માંધતા ગણાવી છે. આ અંગે સંજય સિંહે ટ્‌વીટર પર પોતાનો એક વીડિયો શેર કર્યો છે. આજે દિલ્હીમાં લિકર પોલિસી કૌભાંડ મામલે ઈડીએ ૬ સ્થળો પર દરોડા પાડ્યા છે. આમ આદમી પાર્ટીના સાંસદ સંજય સિંહે ટ્‌વીટ કરીને લખ્યું હતું કે મોદીની દાદાગીરી ચરમસીમાએ છે. હું મોદીની તાનાશાહી સામે લડી રહ્યો છું. સંજય સિંહે વધુમાં કહ્યું કે જ્યારે તેમને મારી વિરુદ્ધ કંઈ ન મળ્યું ત્યારે તેઓએ મારી ભૂલ સ્વીકારી લીધી, તેથી હવે તેઓ મારા સાથીદારોના ઘરે દરોડા પાડી રહ્યા છે. આજે સવારે મને ખબર પડી કે મારા સાથીદારોના ઘરે દરોડા પાડવામાં આવ્યા છે. હું ઈડીને કહેવા માંગુ છું કે કોઈપણ પ્રકારનું હથિયાર અપનાવો, હું તમારી સામે ઝૂકીશ નહીં. ઈડીનો કેવી રીતે દુરુપયોગ થઈ રહ્યો છે તે અમે આખા દેશની સામે ઉજાગર કરવાનું ચાલુ રાખીશું. ભલે આપણે આ માટે સુપ્રીમ કોર્ટમાં કેમ ન જવું પડે. પરંતુ અમે આ સરમુખત્યારશાહી અને ગુંડાગીરીનો પર્દાફાશ કરવાનું ચાલુ રાખીશું.

દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે પણ આપના રાજયસભા સાંસદના આ ટ્વિટને રિટ્‌વીટ કર્યું છે. આપનેતાના ટ્‌વીટને લઈને રાજકીય ચર્ચાએ જોર પકડ્યું છે. જો કે સંજય સિંહના સહયોગી અજીત ત્યાગી અને સર્વેશ મિશ્રાના ઘરે જે સંદર્ભે દરોડો પાડવામાં આવ્યો હતો તે અંગે હજું સુધી કોઈ માહિતી સામે આવી નથી.

આમ આદમી પાર્ટીના ઘણા મોટા નેતાઓ પર શરાબ કૌભાડ અને મની લોન્ડરિંગ જેવા ઘણા ગંભીર આરોપો લાગ્યા છે. દિલ્હીના પૂર્વ ડેપ્યુટી સીએમ અને આપનેતા મનીષ સિસોદિયા કથિત એક્સાઈઝ પોલિસી કૌભાંડમાં તિહાર જેલમાં બંધ છે. આ ઉપરાંત કેજરીવાલ સરકારના પૂર્વ મંત્રી સત્યેન્દ્ર જૈન પણ મની લોન્ડરિંગ સંબંધિત કેસમાં જેલમાં બંધ છે. જો કે આમ આદમી પાર્ટી આ તમામ કૌભાંડો અને આરોપોને નકારી રહી છે.

### આઈપીએલમાં ચેન્નાઈનો ગુજરાત સામે વિજય

# નિવૃત્તીના સવાલ પર ધોનીએ કહ્યું, મારી પાસે ૮-૯ મહિના છે

નવી દિલ્હી, તા.૨૪

આઈપીએલ ૨૦૨૩માં કવોલિફાયર-૧ મેચમાં ચેન્નઈ સુપર કિંગ્સે ગઈકાલે ગુજરાત ટાઈટન્સને ૧૫ રનથી હરાવી ફાઈનલમાં સ્થાન મેળવી લીધું છે. પોસ્ટ મેચ બાદ ચેન્નઈના કેપ્ટન મહેન્દ્ર સિંહ ધોનીએ ટીમે મેળવેલી જીત વિષે વાત કરી હતી.

શું ચેન્નઈની જનતા તેને ફરી આ મેદાન પર રમતા જોઈ શકશે આ સવાલ પર ધોનીએ કહ્યું કે હજુ મારી પાસે ૮થી ૯ મહિના છે. ધોનીએ પોસ્ટ મેચ બાદ વાતચીત દરમિયાન કહ્યું કે ટોસ હારવો ટીમ માટે સારું રહ્યું. આ દરમિયાન ધોનીએ ચેન્નઈના બોલિંગ કોચ ડ્વેન બ્રાવોડ અને એરિક સિમંસ સહિત તમામ સપોર્ટિંગ સ્ટાફના વખાણ કર્યા હતા. ધોની દરેક બોલ પર ફિલ્ડીંગ બદલતા હોય છે જેના વિષે ધોનીએ કહ્યું કે હું દરેક વખતે ફિલ્ડ ચેંજ કરું છું કારણ કે મને મારા પર વિશ્વાસ છે. હું સતત ફિલ્ડરોને કહું છું કે મારા ઉપર ધ્યાન રાખે. ધોનીએ રીટાયરમેંટ વિષે ફ્વત કરતા કહ્યું કે નિર્ણય લેવા માટે હજુ મારી પાસે ૮થી ૯ મહિના છે. હું સીએસકેની સાથે રહીશ. હું જાન્યુઆરીથી ઘરની બહાર હતો. માર્ચમાં મેં પ્રેક્ટિસ શરુ કરી હતી, હવે આગળ જોઈશું શું થાય છે. એમ.એસ ધોનીએ કહ્યું કે ઓક્શન ડિસેમ્બરમાં થશે, આવામાં તે આ વિષે વધુ નથી વિચારી રહ્યા. આ સાથે ધોનીએ સાફ કરી દીધું છે કે તે હાલ આઈપીએલથી રીટાયર થવાના મૂડમાં નથી.

### રાજ્યમાં સરકાર દ્વારા એસટીમાં ભરતી થશે

# એસટીમાં ડ્રાઈવર-કંડક્ટર અને મિકેનિકની ભરતી કરાશે

### આ વર્ષે એસ. ટીમાં ૨૧૦૦ બસ ડ્રાઈવર અને ૧૩૦૦ જેટલી કંડકટરની અને મિકેનિકની પણ ભરતી કરવામાં આવશે

ગાંધીનગર, તા.૨૪

રાજ્યમાં એસટીમાં ડ્રાઈવર અને કંડકટર બનવા માંગતા ઉમેદવારો માટે મહત્વના સમાચાર સામે આવ્યા છે.

ગુજરાત એસ.ટી વિભાગમાં ડ્રાઈવર અને કંડકટરની ભરતી કરવામાં આવશે. આ ઉપરાંત એસ.ટી વિભાગ મિકેનિકની પણ ભરતી કરશે. આ માટેનું નોટિફિકેશન થોડાક દિવસોમાં જ બહાર પાડવામાં આવશે.

રાજ્યનાં ગૃહ રાજયમંત્રી હર્ષ સંઘવીએ ટ્વિટ કરીને આ ભરતી અંગેની માહિતી આપી હતી.

આ વર્ષે એસ.ટીમાં ૨૧૦૦ બસ ડ્રાઈવર અને ૧૩૦૦ જેટલી કંડકટરની ભરતી કરવામાં આવશે. આ ઉપરાંત મિકેનિકની પણ ભરતી કરવામાં આવશે. આ અંગેની જાહેરાત ટૂંક સમયમાં બહાર પાડવામાં આવશે. ગુજરાત સરકારે એસટી વિભાગ ઉપરાંત અન્ય વિભાગોમાં ખાલી પડેલી જગ્યાઓ પર પણ ભરતી કરવાનો નિર્ણય કર્યો છે.

સુત્રોમાંથી મળતી માહિતી મુજબ રાજ્યમાં આગામી દિવોસમાં અંદાજે ૬ હજાર જેટલી જગ્યાઓ પર ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા ભરતી કરવામાં આવશે.

### મનોરંજનની દુનિયા માટે વધુ એક ખરાબ સમાચાર

# અનુપમા ફેમ નિતેશ પાંડેએ દુનિયાને અલવિદા કહી દીધું

### એક્ટરનું ૫૧ વર્ષની ઉંમરે હાર્ટ એટેકના કારણે નિધન સમાચાર સામે આવ્યા બાદ મનોરંજન જગતમાં શોક

નવી દિલ્હી, તા.૨૪

ટીવી અને મનોરંજનની દુનિયા માટે આજે વધુ એક ખરાબ સમાચાર સામે આવ્યા છે. વૈભવી ઉપાધ્યાયના નિધનના સમાચાર બાદ 'અનુપમા' ફેમ એક્ટર નિતેશ પાંડેએ પણ દુનિયાને અલવિદા કહી દીધું છે. પ્રાપ્ત માહિતી પ્રમાણે એક્ટરનું ૫૧ વર્ષની ઉંમરે હાર્ટ એટેકના કારણે નિધન થયું છે. આ સમાચાર સામે આવ્યા બાદ સમગ્ર મનોરંજન જગતમાં શોકનું મોજુ ફરી વળ્યુ છે.

પ્રાપ્ત માહિતી પ્રમાણે તેઓ નાસિક નજીક શૂટિંગ કરી રહ્યા હતા ત્યારે તેમની તબિયત બગડી હતી. નીતિશે ઓમ શાંતિ ઓમ, દબંગ ૨ અને ખોસલા કા ઘોસલા જેવી ફિલ્મોમાં કામ કર્યું છે. તે લાંબા સમયથી ટીવી ઈન્ડસ્ટ્રીમાં કામ કરી રહ્યા હતા અને ઘણા લોકપ્રિય શોનો ભાગ રહ્યા છે. જણાવી દઈએ કે સારા ભાઈ વર્સિસ સારા ભાઈ અભિનેત્રી વૈભવી ઉપાધ્યાયના મોત સમાચાર ગઈકાલે રાત્રે જ આવ્યા હતા. આ ઉપરાંત સ્પ્લિટ્‌સવિલા ફેમ આદિત્ય સિંહ રાજપૂતનું પણ ૨ દિવસ પહેલા જ નિધન થયું હતું.

૧૭ જાન્યુઆરી ૧૯૭૩ ના રોજ નિતેશ પાંડેનો જન્મ થયો હતો. એક્ટિંગના શોખીન નીતિશે ૧૯૯૦માં થિયેટરની શરૂઆત કરી હતી. ત્યારબાદ તેમણે ટીવીની દુનિયામાં એન્ટ્રી કરી હતી. તેઓ મંજિલ અપની અપની, અસ્તિત્વ એક પ્રેમ કહાની, પ્યાર કા દર્દ હૈ મીઠા મીઠા પ્યારા પ્યાર, સાયા, જૂસ્તુજુ, દુર્ગો નંદીની જેવા શો માં મહત્વપૂર્ણ રોલમાં નજર આવ્યા હતા. તેઓ રૂપાલી ગાંગુલીનો ફેમશ શો અનુપમા માં ધીરજ કપૂરના પાત્રમાં નજર આવ્યો હતો. નીતિશ પોતાનું એક પ્રોડકશન હાઉસ પણ ચલાવે છે. પર્સનલ લાઈફની વાત કરીએ તો તેમણે એક્ટ્રેસ અશ્વિની કલેસકર સાથે ૧૯૯૮માં લગ્ન કર્યા હતા અને વર્ષ ૨૦૦૨માં તે બંને અલગ થઈ ગયા હતા.

### ભારતીય મૂળના ૧૯ વર્ષના છોકરાએ રચ્યું કાવતરું

# અમેરિકાના રાષ્ટ્રપતિ જો બાયડનની હત્યાનો પ્રયાસ

### વ્હાઇટ હાઉસની નજીક ક્રેશ થયેલા વાહનના ડ્રાઇવરની ઓળખ મિઝોરીના ચેસ્ટરફિલ્ડના ૧૯ વર્ષીય સાઇ વર્ષિત કંડુલા તરીકે થઈ છે

નવી દિલ્હી, તા.૨૪

યુએસ પોલીસે માહિતી આપી હતી કે ૧૯ વર્ષીય ભારતીય મૂળના છોકરાએ વ્હાઈટ હાઉસ નજીક નાઝી-ધ્વજવાળા યુ-હૉલ ટ્રકથી ટક્કર મારી હતી. આ પછી પોલીસે છોકરાની ધરપકડ કરી હતી. છોકરા પર રાષ્ટ્રપતિ જો બાયડનને મારી નાખવા અથવા નુકસાન પહોંચાડવાનો પ્રયાસ કરવાનો આરોપ મૂકવામાં આવ્યો છે.

યુએસ પાર્ક પોલીસે જણાવ્યું હતું કે સોમવારે રાત્રે આશરે ૧૦:૦૦ વાગ્યાની આસપાસ લાફાયેટ પાર્ક બહાર જણીજોઈને બોલાર્ડમાં ગાડીને ટક્કર મારી, જો કે આ અકસ્માતમાં કોઈને ઈજા પહોંચી નથી. ટીવી પર બતાવવામાં આવ્યું હતું કે એક લાલ અને કાળી ટ્રક પર નાઝી ધ્વજ લગાવવામાં આવ્યો હતો. યુએસ પાર્ક પોલીસે એક નિવેદનમાં કહ્યું કે વાહન ચાલકની ઓળખ મિઝોરીના ૧૯ વર્ષીય સાઈ વર્ષિત કંડુલા તરીકે થઈ છે. તેમાં વધુમાં જણાવવામાં આવ્યું છે કે તેમાં ખતરનાક હથિયારથી હુમલો, ખરાબ રીતે વાહન ચલાવવું, રાષ્ટ્રપતિ અને ઉપરાષ્ટ્રપતિની હત્યા કે અપહરણ કરવાનો આરોપ લગાવવામાં આવ્યો છે. આ સિવાય તેમના પર રાષ્ટ્રપતિના પરિવારના સભ્યને નુકસાન પહોંચાડવા, સંઘીય સંપત્તિને નષ્ટ કરવાનો અને પેશકદમી કરવાનો આરોપ છે. પ્રેસ સેક્રેટરી કરીન જીન-પિયરે જણાવ્યું હતું કે જ્યારે અકસ્માત થયો ત્યારે જો બાયડન વ્હાઈટ હાઉસમાં હતા. લોનના સમય અંગે ચર્ચા કરવા માટે તેમણે ગૃહના સ્પીકર કેવિન મેકકાર્થી સાથે મુલાકાત કરી. ફોક્સના સંલગ્ન, સ્થાનિક ન્યૂઝ ચેનલે અહેવાલ આપ્યો કે વ્હાઈટ હાઉસની નજીકની એક હોટલના કેટલાક મહેમાનોને અકસ્માત બાદ હોટેલ ખાલી કરવાનું કહેવામાં આવ્યું હતું.

સ્ટેશન પરના એક રિપોર્ટરે આ દ્રશ્યનો વીડિયો પોસ્ટ કર્યો જેમાં એક રોબોટ ટ્રક કાર્ગો વિસ્તારની આસપાસ ફરતી હતી. જાપાનમાં ક્વાડ મીટિંગ દરમિયાન અમેરિકી રાષ્ટ્રપતિ જો બાઈડેન અને ઓસ્ટ્રેલિયાના વડાપ્રધાન અલ્બેનિસે વડાપ્રધાન નરેન્દ્ર મોદીને તેમના અનોખા પડકાર અંગે ફરિયાદ કરી હતી. રાષ્ટ્રપતિ બાઈડેન પીએમ મોદી પાસે આવ્યા અને કહ્યું હતું કે, તેઓ વડાપ્રધાનના કાર્યક્રમમાં હાજરી આપવા માટે અગ્રણી નાગરિકોની વિનંતીઓના પૂરનો સામનો કરી રહ્યા છે. જો બાઈડેનની માફક ઓસ્ટ્રેલિયાના પીએમ અલ્બેનિસે પણ વડાપ્રધાન નરેન્દ્ર મોદીને કહ્યું હતું કે, સિડનીમાં સામુદાયિક સ્વાગત માટેના સ્થળ પર ૨૦ હજાર લોકોની ક્ષમતા છે, પરંતુ તે હજુ પણ લોકોની વિનંતીઓને પૂરી કરવામાં સક્ષમ નથી. ઓસ્ટ્રેલિયન પીએમએ યાદ કર્યું હતું કે, કેવી રીતે અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં ૯૦,૦૦૦થી વધુ લોકો તેમનું સ્વાગત કરવા માટે આવ્યા હતા. તેના પર જો બાઈડેને હસતા હસતા પીએમ મોદીને કહ્યું હતું કે, મારે તમારો ઓટોગ્રાફ લેવો જોઈએ.

### વિપક્ષોનો સંસદ ભવનના ઉદ્‌ઘાટનનો બહિષ્કારનો નિર્ણય

# મોદીનું નામ લખવા નવું ભવન બનાવાયું છે : સંજય રાઉત

મુંબઈ, તા.૨૪

નવા સાંસદ ભવનના ઉદ્ઘાટન કાર્યક્રમને લઈને ચાલી રહેલ રાજકીય ઘમાસાણ વધતુ નજર આવી રહ્યું છે. શિવસેના (યુબીટી)ના નેતા સંજય રાઉતે કહ્યું કે, તમામ વિપક્ષી પાર્ટીઓએ નવા સંસદ ભવનના ઉદ્‌ઘાટન કાર્યક્રમનો બહિષ્કાર કરવાનો નિર્ણય લીધો છે.

૨૮ મે ના રોજ યોજાનાર આ કાર્યક્રમનો અમે પણ બહિષ્કાર કરીશું. સંજય રાઉતે કહ્યું કે, સૌથી પહેલા અમે જ સેન્ટ્રલ વિસ્ટા પ્રોજેક્ટ પર સવાલ ઉઠાવ્યા હતા. અમે જ કહ્યું હતું કે, જ્યારે દેશની આર્થિક સ્થિતિ ખરાબ છે તો દેશને આવા પ્રોજેક્ટની જરૂર ન હતી. તેમણે કહ્યું કે, આ પ્રોજેક્ટને માત્ર પીએમ મોદીની ઈચ્છા પૂરી કરવા માટે બનાવવામાં આવ્યો છે. તેમણે કહ્યું કે, આજનું સંસદ ભવન હજું પણ ૧૦૦ વર્ષ ચાલી શકે છે.

સંજય રાઉતે કહ્યું કે, આ (જૂનો) સંસદ ભવન ઐતિહાસિક છે અને આ સંસદ ભવન સાથે આરએસએસઅને બીજેપીનો કોઈ સબંધ નથી. રાઉતે કહ્યું કે, આ ખર્ચ માત્ર શિલા પર 'વડા પ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા નવા સંસદ ભવનનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું' આ લખવા માટે થઈ રહ્યો છે. તેમણે કહ્યું કે, ઉદ્‌ઘાટન માટે રાષ્ટ્રપતિને આમંત્રણ આપવામાં નથી આવ્યું. તેથી જ દેશના વિરોધ પક્ષોએ ઉદ્‌ઘાટન સમારોહનો બહિષ્કાર કરવાનો નિર્ણય લીધો છે. તેમણે કહ્યું કે દ્રૌપદી મુર્મુને આદિવાસી મહિલાના નામ પર રાષ્ટ્રપતિ બનાવવામાં આવ્યા હતા પરંતુ તેમને રાષ્ટ્રપતિ ભવનમાંથી બહાર આવવા જ નથી દેતા.

### રાજકોટમાં ધીરેન્દ્ર શાસ્ત્રીના કાર્યક્રમને લઈ તડામાર તૈયારી

# અમદાવાદમાં ધીરેન્દ્રના દિવ્ય દરબાર માટે રજીસ્ટ્રેશન ફરજિયાત

### ૨૯ અને ૩૦ મે ના રોજ ચાણક્યપુરીમાં દરબાર ભરાશે, જ્યાં દરબાર ભરાવાનો છે તે સ્થળે આયોજકો પહોંચ્યા છે

અમદાવાદ, તા.૨૪

સુરત અને રાજકોટ ઉપરાંત ધીરેન્દ્ર શાસ્ત્રીનો અમદાવાદમાં પણ દિવ્ય દરબાર ભરશે. ચાણક્યપુરીમાં ખુલ્લા મેદાનમાં મંડપ બાંધવાની શરૂઆત થઈ ગઈ છે. ૨૯ અને ૩૦ મે ના રોજ ચાણક્યપુરીમાં દરબાર ભરાશે. જ્યાં દરબાર ભરાવાનો છે તે સ્થળે આયોજકો પહોંચ્યા છે. બાબા બાઘેશ્વરના દરબાર માટે વિશાળ ડોમ તૈયાર કરવામાં આવ્યો છે. વિવાદો વધતા બાબાના દરબારને લઈ સુરક્ષામાં વધારો કરવામાં આવ્યો છે. દિવ્ય દરબારમાં પ્રવેશ માટે લોકોનું રજીસ્ટ્રેશન ફરજિયાત કરવામાં આવ્યું છે. બાગેશ્વર ધામના ધીરેન્દ્ર શાસ્ત્રીના અમદાવાદમાં લોકદરબારની તૈયારીઓ પૂરજોશમાં ચાલી રહી છે. ડોમથી લઈને સ્ટેજ સુધીના કામ યુદ્ધના ધોરણે થઈ રહ્યા છે. પાસ સિસ્ટમથી મુલાકાતીઓ ડોમમાં મેળવી શકશે પ્રવેશ. ચાણક્યપુરી ગ્રાઉન્ડની સવા લાખની છે મર્યાદા છે. જોકે મુલાકાતીઓ માટે પાસનું વિના મૂલ્ય વિતરણ કરવામાં આવશે. અમદાવાદમાં યોજાવનાર બાબાનો દિવ્ય દરબારમાં પાસ વિતરણ ૨૭ અને ૨૮ મે એ સવારે ૯ વાગ્યાથી શરૂ કરાશે. પાસ માટે મોબાઈલ નંબર, અને એડ્રેસ જ આપવાનું રહેશે. જ્યારે vip માટે અલગથી પાસની વ્યવસ્થા કરવામાં આવી છે. બે દિવસ બાબા અમદાવાદના ચાણક્યપુરીના બંગલામાં રોકાશે. બાબાના દરબારમાં વધુ ભીડ ન થાય તેવી વ્યવસ્થા ગોઠવવામાં આવશે. ૧૦૦૦ થી વધુ સ્વયં સેવકો રહેશે પોલીસ સાથે સેવામાં હાજર રહેશે. ધીરેન્દ્ર શાસ્ત્રીના કાર્યક્રમમાં ૧૫૦૦ સ્વયંસેવકો અને ૫૦૦ ખાનગી બાઉન્સર રહેશે. સાંજે ૫ કલાકે દિવ્ય દરબાર ભરાશે જે અમર્યાદિત સમય સુધી ચાલશે. હથિયારધારી સિક્યોરિટી પણ રાખવામાં આવશે. મહિલા સિક્યોરિટી અને રજિસ્ટ્રેશનની પ્રક્રિયા હાલ કરવામાં આવી રહી છે. ધીરેન્દ્ર શાસ્ત્રીને ફાળવેલ ૨૨ રૂમના બંગલાથી ૧૦૦ મીટર અંતરે દરબારનું આયોજન કરવામાં આવશે. રાજકોટ શહેરમાં બાબા બાગેશ્વર ધામ ધીરેન્દ્ર શાસ્ત્રીના કાર્યક્રમને લઈ તડામાર તૈયારીઓ ચાલી રહી છે. શહેરમાં આગામી ૧ અને ૨જૂનના રોજ બાબાનો દિવ્ય દરબાર યોજાશે. અંગે શરૂ થયેલા કાર્યાલયની મુલાકાતે ગુજરાત ભારતીય જનતા પાર્ટીના અધ્યક્ષ સીઆર પાટીલ પહોંચ્યા હતાં. આગામી ૧ અને ૨ જૂને રેસકોર્ષ ગ્રાઉન્ડ ખાતે આ કાર્યક્રમ યોજાવાનો છે. આ કાર્યક્રમ અંગેની તૈયારી અને આયોજકો સાથે સીઆર પાટીલ મુલાકાત કરવા પહોંચ્યા હતા. આ દરમિયાન તેમની સાથે પ્રદેશ ભાજપ ઉપાધ્યક્ષ ડૉ ભરત બોધરા, રાજયસભા સાંસદ રામભાઈ મોકરીયા અને ધારાસભ્ય દર્શિતા બેન શાહ ઉપસ્થિત રહ્યા હતા.

### મોદી સરકારના નવ વર્ષની ઉપલબ્ધિ જણાવતા અમિત શાહ

# નવા સંસદ ભવનના ઉદ્‌ઘાટનમાં મોદી ૬૦ હજાર શ્રમ યોગીનું સન્માન કરશે

### ઉદ્‌ઘાટન સમારોહમાં એક ઐતિહાસિક પરંપરા સેંગોલને પુનર્જીવિત કરાશે, જેની પાછળ યુગોથી જોડાયેલી પરંપરા છે

નવી દિલ્હી, તા.૨૪

મોદી સરકાર ૯ વર્ષ પૂર્ણ કરવા જઈ રહી છે. આ ખાસ અવસર પર ગૃહમંત્રી અમિત શાહ પ્રેસ કોન્ફરન્સ કરી રહ્યા છે જેમાં તેઓ ૯ વર્ષમાં સરકારની ઉપલબ્ધિઓ જણાવી રહ્યા છે. આ દરમિયાન તેમણે કહ્યું કે નવું સંસદ ભવન વડાપ્રધાન નરેન્દ્ર મોદીની દૂરંદેશીનો પુરાવો છે, તે રેકોર્ડ સમયમાં પૂર્ણ થયું છે. તેમણે કહ્યું કે પીએમ મોદી ૨૮ મેના રોજ નવા સંસદ ભવનનું ઉદ્‌ઘાટન કરશે. આ દરમિયાન તેઓ ૬૦ હજાર શ્રમ યોગીઓનું સન્માન પણ કરશે.

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે પત્રકાર પરિષદને સંબોધતા મોટી જાહેરાત કરી હતી. તેમણે કહ્યું કે આગામી ૨૮મેના રોજ વડાપ્રધાન મોદી નવા સંસદ ભવનનું ઉદઘાટન કરશે. તેમણે કહ્યું કે તેની સાથે સાથે પીએમ મોદી ૬૦૦૦૦ શ્રમયોગીઓનું સન્માન પણ કરશે. આ નવું સંસદ ભવન પીએમ મોદીની દુરદર્શિતાનું જ પરિણામ છે. જ્યારે બીજી બાજુ વિપક્ષો તરફથી આ સંસદ ભવનના ઉદઘાટન સમારોહનો બહિષ્કાર કરવાના અહેવાલ આવી રહ્યા છે.

જેમાં કોંગ્રેસ સહિત ટોચના વિપક્ષી દળો સામેલ છે. ગૃહમંત્રી અમિત શાહે આ દરમિયાન સેંગોલનો ઉલ્લેખ કર્યો હતો. તેમણે કહ્યું કે સેંગોલનું આપણા ઈતિહાસમાં મહત્ત્વપૂર્ણ યોગદાન રહ્યું છે. આપણા પૂર્વ વડાપ્રધાન જવાહરલાલ નહેરુએ પણ સેંગોલને સ્વીકાર્યું હતું. સેંગોલ અંગ્રેજોથી સત્તા મળવાનું પ્રતીક છે.

અમિત શાહે કહ્યું કે, ઉદ્‌ઘાટન સમારોહમાં એક ઐતિહાસિક પરંપરાને પુનર્જીવિત કરવામાં આવશે, જેની પાછળ યુગોથી જોડાયેલી પરંપરા છે. તેણે કહ્યું કે તેને તમિલમાં સેંગોલ કહેવામાં આવે છે જેનો શાબ્દિક અર્થ થાય છે સંપત્તિથી સંપન્ન. તેમણે કહ્યું કે, ૧૪ ઓગસ્ટ, ૧૯૪૭ના રોજ એક અનોખી ઘટના બની હતી. આજે ૭૫ વર્ષ બાદ દેશના મોટાભાગના નાગરિકો આ વાતથી વાકેફ નથી. સેંગોલે આપણા ઈતિહાસમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી.

આ સેંગોલ સત્તાના સ્થાનાંતરણનું પ્રતીક બની ગયું. આ અંગેની માહિતી જ્યારે પીએમ મોદીને મળી તો તેની સંપૂર્ણ તપાસ કરાવી હતી. આ તપાસ બાદ નક્કી થયું કે તેને દેશ સમક્ષ મુકવામાં આવે. આ માટે નવા સંસદ ભવનનાં ઉદ્‌ઘાટનનો દિવસ પસંદ કરવામાં આવ્યો હતો.

### શુભમન-રાશિદની લડત છતાં ગુજરાતનો પરાજય

# ચેન્નાઈ સુપર કિંગ્સ ૧૦મી વખત ફાઈનલમાં પહોંચ્યુ

### સહા ૧૨ રન નોંધાવીને આઉટ થયો હતો ત્યારબાદ બેટિંગમાં આવેલો કેપ્ટન હાર્દિક પંડ્યા પણ વધારે સમય ક્રિઝ પર ટકી શક્યો ન હતો

નવી દિલ્હી, તા.૨૪

ઓપનર ઋતુરાજ ગાયકવાડની અડધી સદી બાદ બોલર્સે કરેલા શાનદાર પ્રદર્શનની મદદથી ચેન્નઈ સુપર કિંગ્સ આઈપીએલ ટી૨૦ ક્રિકેટ ટુર્નામેન્ટ ૨૦૨૩ની ફાઈનલમાં પહોંચી ગયું છે. મંગળવારે એમએ ચિદમ્બરમ સ્ટેડિયમમાં રમાયેલા મુકાબલામાં ચેન્નઈએ ડિફેન્ડિંગ ચેમ્પિયન ગુજરાત ટાઈટન્સ સામે ૧૫ રને વિજય નોંધાવ્યો હતો.

શુભમન ગિલ અને રાશિદ ખાને લડાયક બેટિંગ કરી હોવા છતાં તેઓ ગુજરાતને જીતાડી શક્યા ન હતા. જોકે, ગુજરાત પાસે હજી પણ ફાઈનલમાં પહોંચવાની તક છે. ગુજરાતે ટોસ જીતીને યજમાન ધોનીસેનાને પ્રથમ બેટિંગનું આમંત્રણ આપ્યું હતું. ઋતુરાજ ગાયકવાડના ૬૦ અને ડેવોન કોનવેના ૪૦ રનની મદદથી ચેન્નઈ સુપર કિંગ્સે નિર્ધારીત ૨૦ઓવરમાં સાત વિકેટે ૧૭૨ રનનો સ્કોર નોંધાવ્યો હતો. જેના જવાબમાં ગુજરાતની ટીમ ૨૦ ઓવરમાં ૧૫૭ રનમાં ઓલ-આઉટ થઈ ગઈ હતી. ગુજરાત માટે શુભમન ગિલે ૪૨ અને રાશિદ ખાને ૩૦ રન ફટકાર્યા હતા. ગુજરાત સામે ૧૭૩ રનનો લક્ષ્યાંક હતો પરંતુ તેની શરૂઆત સારી રહી ન હતી. રિદ્ધિમાન સહા અને ઈનફોર્મ શુભમન ગિલની જોડી ઓપનિંગમાં આવી હતી. પરંતુ સહા ૧૨ રન નોંધાવીને આઉટ થયો હતો. ત્યારબાદ બેટિંગમાં આવેલો કેપ્ટન હાર્દિક પંડ્યા પણ વધારે સમય ક્રિઝ પર ટકી શક્યો ન હતો. હાર્દિક પંડ્યા આઠ રન નોંધાવીને આઉટ થયો હતો. શુભમન ગિલ અને દાસુન શનાકાએ બાજી સંભાળવાનો પ્રયાસ કર્યો હતો પરંતુ એક ખોટો શોટ રમીને શનાકા આઉટ થયો હતો. તેણે ૧૬ બોલમાં ૧૭ રન નોંધાવ્યા હતા. સામે છેડે વિકેટો પડી રહી હતી ત્યારે ગિલે એક છેડો જાળવી રાખ્યો હતો. અંતે દીપક ચહરે તેને આઉટ કરીને ચેન્નઈને મોટી સફળતા અપાવી હતી. શુભમન ગિલે ૩૮ બોલમાં ચાર ચોગ્ગા અને એક સિક્સર સાથે ૪૨ રનની ઈનિંગ્સ રમી હતી. જ્યારે ડેવિડ મિલર ચાર અને રાહુલ તેવાટિયા ત્રણ રન નોંધાવીને આઉટ થયો હતો. રાશિદ ખાને ૧૬ બોલમાં ત્રણ ચોગ્ગા અને બે સિક્સરની મદદથી ૧૬ બોલમાં ૩૦ રન ફટકારીને લડત આપવાનો પ્રયાસ કર્યો હતો પરંતુ તેનો પ્રયાસ ટીમ માટે પૂરતો ન હતો. ચેન્નઈ માટે દીપક ચહર, મહીશ તિક્શના, રવિન્દ્ર જાડેજા અને પથિરાનાએ બે-બે વિકેટ ઝડપી હતી જ્યારે તુષાર દેશપાંડેને એક સફળતા મળી હતી. ગુજરાત ટાઈટન્સે ટોસ જીતીને ચેન્નઈ સુપર કિંગ્સને પ્રથમ બેટિંગનું આમંત્રણ આપ્યું હતું. ટીમ માટે ઓપનર ઋતુરાજ ગાયકવાડ અને ડેવોન કોનવેની જોડીએ શાનદાર શરૂઆત કરી હતી. આ બંનેએ આક્રમક શરૂઆત કરીને ટીમના સ્કોરને ઝડપથી આગળ ધપાવ્યો હતો. કોનવે અને ગાયકવાડની જોડીએ ૧૦.૩ ઓવરમાં ૮૭ રનની ભાગીદારી નોંધાવી હતી. કોનવે ૩૪ બોલમાં ૪૦ રન નોંધાવીને આઉટ થયો હતો. તેણે ચાર ચોગ્ગા ફટકાર્યા હતા. જ્યારે ગાયકવાડે ૪૪ બોલમાં સાત ચોગ્ગા અને એક સિક્સરની મદદથી ૬૦ રનની ઈનિંગ્સ રમી હતી.

### આવનારી મહામારીને રોકવાનો સમય આવી ગયો છે

# કોરોનાથી ખતરનાક માહામારીમાં બે કરોડ લોકોનાં થશે મોત

## સ્વિટ્ઝર્લેન્ડના જીનીવામાં વર્લ્ડ હેલ્થ કોન્ફરન્સની બેઠકમાં WHOના વડાએ ચેતવણી આપી હતી કે કોવિડ-૧૯ રોગચાળો હજુ સમાપ્ત થયો નથી

નવી દિલ્હી, તા.૨૪

વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશનના વડા ડો. ટેડ્રોસ અધાનમ ઘેબ્રેયસસે કહ્યું કે વિશ્વએ એવા વાયરસ માટે તૈયાર રહેવું જોઈએ જે કોવિડ કરતા પણ ઘાતક હશે. ધ ઈન્ડિપેન્ડન્ટના રિપોર્ટ અનુસાર, WHO ચીફે કહ્યું કે આવનારા વાયરસથી ઓછામાં ઓછા ૨ કરોડ લોકો માર્યા જશે.

તાજેતરમાં, ગ્લોબલ હેલ્થ બોડીએ જાહેરાત કરી હતી કે કોવિડ-૧૯ રોગચાળો હવે સ્વાસ્થ્ય કટોકટી નથી. WHOના વડાએ જિનીવામાં તેમની વાર્ષિક હેલ્થ કોન્ફરન્સમાં કહ્યું કે આવનારી મહામારીને રોકવાનો સમય આવી ગયો છે. આ માટે વાતચીતને આગળ વધારવાનો સમય છે. સ્વિટ્ઝર્લેન્ડના જીનીવામાં વર્લ્ડ હેલ્થ કોન્ફરન્સની બેઠકમાં WHOના વડાએ ચેતવણી આપી હતી કે કોવિડ-૧૯ રોગચાળો હજુ સમાપ્ત થયો નથી. ડો. ટેડ્રોસ એડહાનોમ ઘેબ્રેયસસે કહ્યું કે કોવિડ પછી અન્ય પ્રકારની બીમારીનો ખતરો હોઈ શકે છે, જે મૃત્યુનું કારણ બની શકે છે. તે કોવિડ કરતા ઘાતક હોઈ શકે છે અને તે વધુ ઘાતક સાબિત થશે. તેમણે ચેતવણી આપી હતી કે વિશ્વએ આ માટે તૈયાર રહેવું જોઈએ અને કોઈપણ પ્રકારના જોખમનો સામનો કરવા માટે બંધાયેલા રહેશે. WHO એ નવ પ્રાથમિક રોગોની ઓળખ કરી છે, જે જાહેર આરોગ્ય માટે સૌથી મોટો ખતરો છે. ડેઈલી મેલે અહેવાલ આપ્યો છે કે તેમની સારવારની અછત અથવા રોગચાળો ફેલાવવાની તેમની સંભાવનાને કારણે તેઓ સૌથી જોખમી માનવામાં આવે છે. તેમણે કહ્યું કે વિશ્વ કોવિડ -૧૯ રોગચાળાના આગમન માટે તૈયાર નથી, જે એક સદીમાં સૌથી ગંભીર આરોગ્ય સંકટ તરીકે ઉભરી આવ્યું છે. WHOના વડાએ બેઠકમાં કહ્યું કે છેલ્લા ત્રણ વર્ષમાં કોવિડ-૧૯એ આપણી દુનિયા બદલી નાખી છે. આમાં લગભગ ૭૦ લાખ લોકોના મોત થયા હતા, પરંતુ આપણે જાણીએ છીએ કે આંકડો આનાથી વધુ હોઈ શકે છે, જે લગભગ ૨૦ મિલિયન હશે. તેમણે કહ્યું કે જે ફેરફારો કરવા જોઈએ તે આપણે નહીં કરીએ તો કોણ કરશે? આવનારી મહામારી દસ્તક આપી રહી છે અને આવશે પણ. આપણે નિર્ણાયક, સામૂહિક અને સમાન રીતે જવાબ આપવા માટે તૈયાર રહેવું જોઈએ.

### સાવરકુંડલા શહેરમાં પર્યાવરણ બચાવ રેલી પૂર્વે મીટીંગ યોજાઈ



સાવરકુંડલા, તા. ૨૪

સરકાર તરફથી ચાલતા ' મીશન ફોર લાઈફ' અંતર્ગત રોજીંદા જીવનમાં નજીવા ફેરફારોને ઓળખવા તથા આપણા પર્યાવરણને અનુકૂળ થઈ એને બચાવવા જાહેર જનતાને સંદેશ આપવા માટે સાવરકુંડલા નોર્મલ રેન્જ ગીર પુર્વ વન વિભાગ–ધારી તથા સહયોગી સંસ્થા વન પ્રકૃતિ ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા રેલીના પૂર્વ આયોજન માટે અગત્યની મીટીંગ યોજવામાં આવી હતી. આ રેલીમાં પર્યાવરણપ્રેમી ભાઈઓ–બહેનોને વધુમાં વધુ સંખ્યામાં જોડાવા હાર્દિક નિમંત્રણ છે. આ રેલીનું પ્રસ્થાન તારીખ: ૨૭/૦૫/૨૦૨૩ ના સવારે ૮:૦૦ કલાકે આંખની હોસ્પિટલ, હાથસણી રોડ સાવરકુંડલા ખાતે થશે.

### વિદ્યુત સહાયકની ભરતીમાં થયેલ ગેરરીતિના કૌભાંડનો પર્દાફાશ

# વિદ્યુત સહાયકની ભરતીમાં થયેલ ગેરરીતિના કૌભાંડમાં વધુ બે આરોપીઓની ધરપકડ

## ચાર આરોપીઓએ અત્યાર સુધીમાં ૭૦ થી ૮૦ જેટલા ઉમેદવારો પાસે થી આઠથી દસ લાખ રૂપિયા લઈને તેમને પાસ કરાવ્યા હોવાની માહિતી મળી છે

સુરત, તા.૨૪

ગુજરાતમાં વિદ્યુત સહાયક જુનિયર આસિસ્ટન્ટની લેવાયેલ પરીક્ષામાં આચરાયેલી ગેરરીતિમાં સુરત ક્રાઈમ બ્રાન્ચ પોલીસે વધુ બે આરોપીની ધરપકડ કરી છે. સુરત ક્રાઈમ બ્રાન્ચ પોલીસે ગુજરાત રાજ્ય વીજ કંપનીઓમાં વિદ્યુત સહાયકની ભરતીમાં થયેલ ગેરરીતિના કૌભાંડનો પર્દાફાશ કર્યો હતો. ત્યારે અગાઉ બે આરોપી ઝડપી લીધા બાદ પોલીસે એક લેબ ટેકનિશિયન અને એક એજન્ટની ધરપકડ કરી છે. આ કૌભાંડમાં ૭૦થી ૮૦ જેટલા ઉમેદવારોને આઠથી દસ લાખ રૂપિયા લઈને પાસ કરી દેવામાં આવ્યા છે તે તમામની પણ ધરપકડ કરવામાં આવશે.

ગુજરાત રાજ્યની વીજ કંપનીઓ DGVCL, MGVCL, PGVCL, UGVCL અન GSECLમાં કુલ ૨,૧૫૬ વિદ્યુત સહાયક જુનિયર આસિસ્ટન્ટની ભરતીની પરીક્ષા લેવાઈ હતી. આ પરીક્ષા વડોદરા, રાજકોટ, સુરત, અમદાવાદ ખાતે અલગ અલગ સેન્ટરોમાં ૯ ડિસેમ્બર, ૨૦૨૦ થી ૬ જાન્યુઆરી, ૨૦૨૧ દરમિયાન અલગ અલગ તારીખોએ લેવામાં આવી હતી. આ પરીક્ષામાં પાસ થવા માટે અને સરકારી નોકરી મેળવવા માટે ખૂબ જ મોટું ગેરરીતી કૌભાંડ આચારવામાં આવ્યું હતું.

ઉમેદવારોને પરીક્ષામાં પાસ કરવાના કૌભાંડમાં સુરત ક્રાઈમ બ્રાન્ચ પોલીસને મોટી સફળતા મળી હતી. ક્રાઈમ બ્રાન્ચ પોલીસે અગાઉ બે મુખ્ય આરોપી ઈન્દ્રવદન પરમાર અને મોહમ્મદ કાપડ વાળાને ઝડપી પાડ્યા હતા. ત્યારે તેમની પૂછપરછમાં સુરત ક્રાઈમ બ્રાન્ચ પોલીસને વધુ માહિતી મળી છે. ક્રાઈમ બ્રાન્ચ પોલીસે આ કૌભાંડમાં સંડોવાયેલ વધુ બે આરોપી ભાસ્કર ગુલાબચંદ ચૌધરી અને ભરતસિંહ તખતસિંહ ઝાલાને ઝડપી પાડ્યા છે.

સુરત ક્રાઈમ બ્રાન્ચના DCP રૂપલ સોલંકી એ જણાવ્યું હતું કે વિદ્યુત સહાયક એટલે કે જુનિયર આસિસ્ટન્ટની પરીક્ષામાં ઉમેદવારોને પરીક્ષા પાસ કરાવવાના કૌભાંડમાં ખૂબ જ મોટું નેટવર્ક જોડાયેલું છે. જેમાં પોલીસની જુદી જુદી ટીમો તપાસ કરીને આરોપીઓને ઝડપી રહી છે. આ ઉમેદવારોને પાસ કરવાનું ગેરરીતી કૌભાંડ પરીક્ષા કેન્દ્રના માલિકો કોમ્પ્યુટર લેબના ઈન્ચાર્જ તથા તેમના મળતીયા અને એજન્ટો દ્વારા એકબીજાના મેળાપીપણામાં કરવામાં આવ્યું છે. ત્યારે સુરત ક્રાઈમ બ્રાન્ચ પોલીસે આ કૌભાંડમાં સંડોવાયેલ વધુ બે આરોપી ભાસ્કર ગુલાબચંદ ચૌધરી અને એજન્ટની ભૂમિકા ભજવનાર ભરતસિંહ તખતસિંહ ઝાલાને ઝડપી પાડ્યા છે.

અગાઉ પકડાયેલ બે આરોપી અને હાલમાં પકડાયેલ બે આરોપી મળી ચાર આરોપીઓની પૂછપરછમાં ખૂબ જ ચોકાવનારી માહિતી જાણવા મળી છે. આ કૌભાંડમાં પરીક્ષા કેન્દ્રના માલિકો કોમ્પ્યુટર લેબના ઈન્ચાર્જ મળતીયા અને એજન્ટો તમામ લોકો એક સાથે મળીને ઉમેદવાર પાસે રૂપિયા ઉઘરાવી પાસ કરી આપવાનું કૌભાંડ આચરતા હતા. આ કૌભાંડમાં આરોપીઓ એક ઉમેદવાર પાસેથી આઠથી દસ લાખ રૂપિયા લેતા હતા અને તે તમામ રૂપિયા એજન્ટ વચ્ચે થયા તથા પરીક્ષા કેન્દ્રના માલિકો અને લેબ ઈન્ચાર્જ વચ્ચે વહેંચી લેતા હતા.

આરોપીઓએ અત્યાર સુધીમાં ૭૦ થી ૮૦ જેટલા ઉમેદવારો પાસે થી આઠથી દસ લાખ રૂપિયા લઈને તેમને પાસ કરાવ્યા છે. આ તમામ ઉમેદવારો હાલ જુદી જુદી વીજ કંપનીઓ માં વિદ્યુત સહાયકની નોકરી પર પણ જોડાઈ ગયા છે.

આરોપીઓની પૂછપરછમાં ૭૦ થી ૮૦ જેટલા ગેરલાયક ઉમેદવારોએ રૂપિયા આપીને પરીક્ષા પાસ કરી હોવાની ચોક્કસ માહિતી મળી છે. જેથી આ તમામ પણ આરોપીની જ ગણતરીમાં આવશે

### બોર્ડની પરીક્ષામાં પાસ થવાની ટકાવારી ૬૫.૧૮ ટકા રહી છે

# આજે ગુજરાત બોર્ડ ધો.૧૦ અને ૧૨ સામાન્ય પ્રવાહનું રિઝલ્ટ જાહેર

## વિદ્યાર્થીઓ વોટ્સએપ નંબર ૬૩૫૭૩૦૦૯૭૧ પર તેમનો સીટ નંબર મોકલીને પણ તેમનું રિઝલ્ટ મેળવી શકે છે

અમદાવાદ, તા.૨૪

ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા જાહેર કરાયેલા સમયપત્રક મુજબ ધોરણ ૧૦ની બોર્ડની પરીક્ષા ૧૪થી ૨૮ માર્ચ ૨૦૨૩ દરમિયાન લેવામાં આવી હતી. જ્યારે ધોરણ ૧૨ની પરીક્ષા ૧૪ માર્ચથી ૨૫ માર્ચ દરમિયાન લેવામાં આવી હતી.

હવે આ બંન્ને ધોરણનું રિઝલ્ટ આજે જાહેર કરવામાં આવી શકે છે. રિઝલ્ટ જાહેર થયા પછી, તમે નીચે આપેલા સ્ટેપ્સથી માર્કશીટ તપાસી શકશો.

GSEB SSC HSC રિઝલ્ટ આ રીતે કરો ચેક

સ્ટેપ-૧ રિઝલ્ટ ચેક કરવા માટે સૌ પહેલાં ઓફિશિયલ વેબસાઈટ gseb.org પર જાઓ

સ્ટેપ ૨- હોમ પેજ પર Check Gujarat Board Resulની લિંક પર ક્લિક કરો.

સ્ટેપ ૩- આગળના પેજ પર રોલ નંબર એન્ટર કરીને લોગિન કરો.

સ્ટેપ ૪- રિઝલ્ટ સ્ક્રીન પર દેખાશે.

સ્ટેપ ૫- રિઝલ્ટ ચેક કર્યા પછી પ્રિન્ટ લો અને હાર્ડ કોપી રાખો.

WhatsApp ...h swyku Gujarat Board Result

ગુજરાત બોર્ડ વિદ્યાર્થીઓને વોટ્સએપ પર માર્કશીટ ચેક કરવાનો વિકલ્પ આપે છે.

વિદ્યાર્થીઓ વોટ્સએપ નંબર ૬૩૫૭૩૦૦૯૭૧ પર તેમનો સીટ નંબર મોકલીને પણ તેમનું રિઝલ્ટ મેળવી શકે છે.

વધુ વિગતો માટે તમે નોટિફિકેશન જોઈ શકો છો.વર્ષ ૨૦૨૨ માં GSEB SSC ૧૦માનું રિઝલ્ટ ૬ જૂને જાહેર કરવામાં આવ્યું હતું. GSEB SSC ૧૦ મા પરિણામની સાથે બોર્ડના અધિકારીઓ દ્વારા સંસ્કૃત પ્રથમ પરીક્ષાનું પરિણામ પણ જાહેર કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત ધોરણ ૧૦ની બોર્ડની પરીક્ષામાં પાસ થવાની ટકાવારી ૬૫.૧૮ ટકા રહી છે.

### ઝાંપોદર પ્રાથમિક શાળામાં મધ્યાહન ભોજન કેન્દ્રમાં સંચાલક–કમ–કુકની આવશ્યકતા

અમરેલી, તા.૨૪

રાજુલા તાલુકાના ઝાંપોદર ગામે ઝાંપોદર પ્રાથમિક શાળાના મધ્યાહન ભોજન કેન્દ્રમાં સંચાલક–કમ–કુકની આવશ્યકતા છે. યોગ્યતા ધરાવતા ઉમેદવારોએ આગામી તા.૩૧ મે,૨૦૨૩ સુધીમાં મામલતદાર કચેરી, રાજુલાની રજિસ્ટ્રી શાખામાં અરજી રજૂ કરવાની રહેશે. વધુ માહિતી માટે રાજુલા મામલતદાર કચેરીનો સંપર્ક કરવાનો રહેશે. તેમ મામલતદાર રાજુલાએ એક યાદીમાં જણાવ્યું છે.

### રાધેશ્યામ સેવા ટ્રસ્ટ દ્વારા

# ગાંધીનગર ખાતે તાજેતરમાં લગ્નોત્સવ પરિચય મેળો યોજાયો

**૧૪૪ જેટલા ફોર્મ ભરાયા**



અમરેલી, તા. ૨૪

અમરેલી આહિર સમાજ રાધેશ્યામ સેવા ટ્રસ્ટ દ્વારા તા. ૧૪/૫/૨૩નાં રોજ ગાંધીનગર ખાતે બીજો સમસ્ત આહિર સમાજનાં લગ્નોત્સુક યુવક–યુવતીનો વેવિશાળ પરિચય સમારંભ યોજાઈ ગયેલ. ગુજરાત અને સૌરાષ્ટ્રમાં રહેતા સમસ્ત આહિર સમાજનાં ઉચ્ચ અભ્યાસ કરતા યુવક–યુવતીના ૧૪૪ જેટલા ફોર્મ ભરી ભાગ લીધો હતો. અને સહ પરિવાર સહિત ૩૨૫થી વધુ આહિર સમાજે હાજરી આપી સમારંભને સફળ બનાવેલ હતો.આ સમારંભમાં દિનેશચંદ્રભાઈ જાલોધરા અમદાવાદ વાજા મસરીભાઈ તળાજા, નરેશભાઈ વાણીયા સુરત, ખીમજીભાઈ, રામજીભાઈ કચ્છ અંજાર, વર્ષાબેન હુંબલ–જુનાગઢ, મીનાબહેન મુંબઈ, ઘનશ્યામભાઈ ભમ્મર તળાજા, કશનભાઈ હુંબલ–જુનાગઢ તેમજ આહિર સમાજનાં ભાઈઓ–બહેનો તેમજ આગેવાનો હાજર રહેલ.

આ વેવિશાળ મેળાને સફળ બનાવવા ટ્રસ્ટનાં પ્રમુખ રતનબેન આર. બલદાણીયા, રતીલાલ ભગવાનભાઈ, નિરવભાઈ રતીલાલ, ઉદયકુમાર બલદાણીયાએ જહેમત ઉઠાવેલ હતી.

### એમડી/એમએસના કોર્સનો પ્રારંભ વર્ષ ૨૦૧૫-૧૬થી કરાયો

# નરેન્દ્ર મોદી મેડિકલ કોલેજને ૧૮૫ પીજી સીટની મંજૂરી મળી

## એમબીબીએસના કોર્સની વર્ષ ૨૦૦૯થી ૧૫૦ સીટની મેડિકલ કાઉન્સિલ ઓફ ઈન્ડિયા તરફથી મંજૂરી મળી હતી

અમદાવાદ, તા.૨૪

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન મેડિકલ એજ્યુકેશન ટ્રસ્ટ દ્વારા સંચાલિત નરેન્દ્ર મોદી મેડિકલ કોલેજને વર્ષ ૨૦૨૩-૨૪માં કુલ ૧૮૫ પીજી સીટની મંજૂરી અપાઈ છે, જે સાત વર્ષના ટૂંકા ગાળામાં કોઈ મેડિકલ કોલેજને ૧૮૫ પીજી સીટની મંજૂરી મળી હોય તેનો આ એક રેકોર્ડ છે. આ અંગે વધુ વિગત આપતાં મ્યુનિસિપલ હોસ્પિટલ કમિટીના ચેરમેન પરેશ પટેલ વધુમાં કહે છે કે નરેન્દ્ર મોદી મેડિકલ કોલેજ સંલગ્ન શેઠ એલજી જનરલ હોસ્પિટલ કે જે અમદાવાદની નામાંકિત હોસ્પિટલ પૈકીની ૧૨૦૦ બેડ ધરાવતી હોસ્પિટલ છે, જ્યાં જુદા જુદા ડિપાર્ટમેન્ટની દરરોજની ઓપીડી કેજ્યુલિટીમાં આશરે ૩૫૦૦થી વધુ દર્દીને સારવાર આપવામાં આવે છે. મેડિકલ એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત નરેન્દ્ર મોદી મેડિકલ કોલેજ વર્ષ ૨૦૦૯થી કાર્યરત છે. નરેન્દ્ર મોદી મેડિકલ કોલેજ ખાતે એમબીબીએસના કોર્સની વર્ષ ૨૦૦૯થી ૧૫૦ સીટની મેડિકલ કાઉન્સિલ ઓફ ઈન્ડિયા તરફથી મંજૂરી મળી હતી. ત્યાર બાદ કોલેજ ઓથોરિટીના અથાગ પ્રયત્નોથી વર્ષ ૨૦૧૯-૨૦માં વધુ ૫૦ એમબીબીએસ સીટની મંજૂરી મળી હતી. અત્યારે એમબીબીએસના કોર્સની ૨૦૦ સીટની નેશનલ કાઉન્સિલ ઓફ ઈન્ડિયાની મંજૂરી મળી છે.

નરેન્દ્ર મોદી મેડિકલ કોલેજ ખાતે એમડી/એમએસના કોર્સનો પ્રારંભ વર્ષ ૨૦૧૫-૧૬થી કરાયો હતો, જેમાં વખતોવખત સીટનો વધારો થતાં વર્ષ ૨૦૨૩-૨૪માં કુલ ૧૮૫ પીજી સીટની મંજૂરી મળી હોવાનું મ્યુનિ. હોસ્પિટલ કમિટીના ચેરમેન પરેશ પટેલ વધુમાં જણાવે છે. વર્ષ ૨૦૧૨માં પેરામેડિકલ કોર્સમાં મેડિકલ લેબોરેટરી ટેકનિશિયનની ૩૦ સીટ તથા વર્ષ ૨૦૧૭માં રેડિયોગ્રાફી ટેકનિશિયનની ૨૦ સીટની શરૂઆત નરેન્દ્ર મોદી મેડિકલ કોલેજમાં કરાઈ હતી. હોસ્પિટલમાં ઓપીડી-ઈન્ડોર દર્દીઓની સંખ્યામાં ઉત્તરોત્તર મોટા પ્રમાણમાં વધારો થતાં કોલેજ ખાતે નવા મેડિકલ કોર્સ શરૂ કરવા માટે ગુજરાત યુનિવર્સિટી ખાતે દરખાસ્ત કરવામાં આવી હતી. ગુજરાત યુનિવર્સિટીએ આ દરખાસ્તને માન્ય રાખતાં કોલેજ ખાતે ઈ.સી.જી./ટી.એમ.ટી./હોલ્ટર આસિસ્ટન્ટની ૧૦ સીટ, ઈકો કાર્ડિગ્રામ આસિસ્ટન્ટની પાંચ સીટ, એક્સ-રે આસિસ્ટન્ટની ૧૦ સીટ, ઓપરેશન થિયેટર ટેકનિશિયનની ૧૫ સીટ અને એનેસ્થેશિયા આસિસ્ટન્ટની ૧૫ સીટની માન્યતા વર્ષ ૨૦૨૩-૨૪થી આપવામાં આવી છે અને હયાત મેડિકલ લેબોરેટરી ટેકનિશિયનના કોર્સમાં ૩૦ સીટનો વધારો કરી કુલ ૬૦ સીટનો અભ્યાસક્રમ રાખવાની મંજૂરી પણ અપાઈ છે. દરમિયાન વર્ષ ૨૦૧૨માં ૩૦ સીટથી શરૂ થયેલા પેરામેડિકલ કોર્સમાં વર્ષ ૨૦૨૩-૨૪માં કુલ ૧૩૫ સીટ માટે ગુજરાત યુનિવર્સિટીએ આપી છે તેમ નરેન્દ્ર મોદી મેડિકલ કોલેજના ડીન ડો. દીપ્તિ એમ. શાહ જણાવે છે.

### ઓટીટી પ્લેટફોર્મ નેટફ્લિક્સ યુઝર્સની પહેલી પસંદ

# નેટફ્લિક્સ એકાઉન્ટનો ઉપયોગ ફક્ત એક પરિવાર જ કરી શકશે

## ૧૦૦ મિલિયનથી વધુ યુઝર્સ તેમના એકાઉન્ટ પાસવર્ડ્સ શેર કરે છે, જેના કારણે કંપનીની આવક પર અસર પડી

નવી દિલ્હી, તા.૨૪

ઓટીટીપ્લેટફોર્મ નેટફિલક્સ વિશ્વભરમાં યુઝર્સની પસંદ છે.નેટફિલક્સ ઓટીટી પ્લેટફોર્મ પર ભારત અને વિદેશની લોકપ્રિય મૂવીઝ અને વેબ સિરીઝ ઉપલબ્ધ છે, જેમાં સ્વેડ ગેમથી ધ ગોડ ડૉક્ટરસુધીના વિકલ્પો છે.

આ પ્લેટફોર્મ પર દર મહિને ઘણી ફિલ્મો અને વેબ સિરીઝ રિલીઝ થાય છે. આ પ્લેટફોર્મ પર યુઝર્સ પોતાનો પાસવર્ડ મિત્રો સાથે શેર કરે છે પરંતુ આવનારા અઠવાડિયાથી યુઝર્સ આમ કરી નહી શકે. મંગળવારે, નેટફ્લિક્સે રેવન્યુ વધારવા માટે એક નવું પગલું લેવામાં આવ્યું છે, જેના કારણે નેટફિલકસએકાઉન્ટનો ઉપયોગ ફક્ત એક પરિવાર જ કરી શકશે.

વર્ષ ૨૦૨૩ની શરૂઆતમાં નેટફ્લિકસે જણાવ્યું હતું કે, વિશ્વભરમાં તેમના ૧૦૦ મિલિયનથી વધુ યુઝર્સ તેમના એકાઉન્ટ પાસવર્ડ્સ શેર કરે છે, જેના કારણે કંપનીની આવક પર પણ અસર પડી છે. આ કારણે હવે કંપનીએ કેટલાક દેશોમાં એકાઉન્ટ પાસવર્ડ શેર કરનારા યુઝર્સ માટે એક પ્લાન રજૂ કર્યો છે, જેમાં વધુ પૈસા ચૂકવીને એકથી વધુ લોકોને એડ કરી શકાય છે. જે ૧૦૦થી વધુ દેશોમાં લાગુ કરવામાં આવ્યું છે.

એપ્રિલમાં પણ નેટફ્લિકસે જણાવ્યું હતું કે, તેના ગ્રાહકોની સંખ્યા ૨૩૨.૫ મિલિયન સુધી પહોંચી ગઈ છે, જે વર્ષના પ્રથમ ત્રિમાસિક ગાળામાં જ રેકોર્ડ બનાવે છે. આ સાથે જ એ જોવાનું રહેશે કે, આ જાહેરાત બાદ કંપની પર શું અસર પડે છે.

### રાજુલાની જી.એમ.બી. પોલિટેકનિકમાં શનિવારે નિઃશુલ્ક કારકિર્દી માર્ગદર્શન સેમિનાર યોજાશે

અમરેલી, તા. ૨૪

ડો. જીવરાજ એન મહેતા સરકારી પોલીટેકનિક અમરેલી દ્વારા વિદ્યાર્થીઓના નિષ્પક્ષ અને સચોટ કારકિર્દી માર્ગદર્શન તથા ઓનલાઈન પ્રવેશ પ્રક્રિયા માર્ગદર્શન સેમિનાર રાજુલાની જી.એમ.બી. પોલિટેકનિક ખાતે યોજાશે.

ધોરણ ૧૦ પછીના પ્રથમ વર્ષ અને C to D માં બીજા વર્ષના ડિપ્લોમા ઈજનેરી અભ્યાસક્રમોમાં વર્ષ ૨૦૨૩–૨૪ ની ઓનલાઈન પ્રવેશ પ્રક્રિયાની સંપૂર્ણ માહિતી અને પ્રવેશ કાર્યવાહીના ક્રમિક પગલાં અંગે વિદ્યાર્થીઓને અને તેમના વાલીઓને પડતી મુશ્કેલીઓના માર્ગદર્શન અને વિવિધ સમસ્યાઓના નિવારણ માટે ખાસ એડમિશન કમિટી ફોર પ્રોફેશનલ ડિપ્લોમા કોર્સીસ (ACPDC) અમદાવાદ દ્વારા તેમજ અમરેલી ખાતેની નોડલ સંસ્થા ડો. જીવરાજ એન મહેતા સરકારી પોલિટેકનીકના આચાર્ય બી.પી.રાવલના માર્ગદર્શન મુજબ તજજ્ઞ અધિકારી ડી. એલ. જોષી અને વિ. એમ. વાણીયા દ્વારા ચર્ચા સભા અને માર્ગદર્શન સેમિનાર તારીખ ૨૭/૦૫/૨૦૨૩, શનિવારે સવારે ૧૧ થી ૧ કલાક દરમ્યાન રાજુલાની જી.એમ.બી. પોલિટેકનિક ખાતે યોજાશે. જેમાં વિદ્યાર્થીઓ અને વાલીઓ સમયસર પધારી કાર્યક્રમનો લાભ લેવા જાહેર આમંત્રણ પાઠવવામાં આવે છે. તેમજ રાજુલા બસ સ્ટેશનથી સવારે ૧૦:૩૦ કલાકે સેમિનારમાં આવવા તથા જવા માટે બસ સુવિધા ઉપલબ્ધ છે.

### કલોલના મૂલાસણા ગામે આવેલી જમીન કૌભાંડ પર વકરી રાજનીતિ

# જમીન કૌભાંડના આક્ષેપો પૂર્વ CM વિજય રૂપાણીએ નકાર્યા

## કોંગ્રેસ રાજકીય રોટલા શેકે છે, લાંગા સામે તપાસનો ઓર્ડર મેં કર્યો હતો : રૂપાણી

ગાંધીનગર, તા.૨૪

ગાંધીનગર જિલ્લાના કલોલ તાલુકાની મૂલાસણા ગામે આવેલી જમીનનું કૌભાંડ રાજકીય તુલ પકડી રહ્યું છે. કોંગ્રેસે આ કેસમાં પૂર્વ મુખ્યપ્રધાન વિજય રૂપાણીની સંડોવણીના આક્ષેપ લગાવ્યા બાદ વિજય રૂપાણી પણ સામે આવ્યા અને કોંગ્રેસના આરોપોને બાલીશ ગણાવ્યા છે. તેમણે દાવો કર્યો છે કે, લાંગાના કથિત પત્રને લઈને કોંગ્રેસ રાજકીય રોટલા શેકી રહી છે.

વિજય રૂપાણીએ સ્પષ્ટતા કરી કે લાંગા સામે ફરિયાદો મળ્યા બાદ તપાસના આદેશ તેમણે જ આપ્યા હતા. જો કૌભાંડમાં તેમની સંડોવણી હોય તો શા માટે તેઓ ખૂદ તપાસ કરાવવા આદેશ કરે તેવી વાત કરી હતી.વિજય રૂપાણીએ એવી પણ સ્પષ્ટતા કરી છે કે પાંજરાપોળની જમીનનો કોઈ વિવાદ જ નથી. જે જમીનનો વિવાદ છે, તે કોઈ એક ખેડૂત પાસેથી લીઝ પર લીધેલી જમીનને લઈને છે. વિજય રૂપાણીએ કોંગ્રેસના આક્ષેપોને લઈને બદનક્ષીનો દાવો પણ કર્યો છે અને સાથે જ એવો પણ આરોપ લગાવ્યો કે, કોંગ્રેસ ભ્રષ્ટ અધિકારીઓને છાવરી રહી છે.


### કેન્દ્ર સરકારે ગ્રાહકોના હિતમાં એડવાઈઝરી બહાર પાડી

# ખરીદી દરમિયાન મોબાઈલ નંબર વેપારી નહીં માગી શકે

નવી દિલ્હી, તા.૨૪, આપણે બધાએ જોયુ હશે કે મોલ કે કોઈ અન્ય જગ્યા પર શોપિંગ કરવા જઈએ ત્યારે બીલ બનાવતી વખતે દુકાનદાર કે બીલ બનાવનાર તમારી પાસે મોબાઈલ નંબરની માંગણી કરતો હોય છે પરંતુ તમે તેને મોબાઈલ નંબર આપવાની ના પાડી શકો છો. વાસ્તવમાં આજકાલ જાતભાતની છેતરપીંડી અને વિવિધ પ્રકારના કોલ આવતા હોવાથી કેન્દ્ર સરકારે ગ્રાહકોના હિતમાં એક એડવાઈઝરી બહાર પાડી છે. જેમા સરકારે કહ્યું છે કે, વેપારીઓ ગ્રાહકો પાસેથી સામાન ખરીદી દરમ્યાન મોબાઈલ નંબર માંગી શકશે નહી. અને તેના માટે દબાણ પણ કરી શકશે નહી. ગ્રાહકોને ધ્યાનમાં રાખી રોહિત કુમાર સિંહે એક એડવાઈજરી જાહેર કરી આ વિશે માહિતી આપવામાં આવે છે.સચિવે આ અંગે વધુ વાત કરતા જણાવ્યુ હતુ કે, આ બાબતે વેપારીઓનું કહેવુ છે કે જ્યા સુધી ગ્રાહકનો પ્રસનલ કોન્ટેક્ટ નાખવામાં નથી આવતો નથી ત્યા સુધી બીલ નથી બની શકતુ. પરંતુ વપરાશકર્તા સંરક્ષણ સમિતિના કહેવા પ્રમાણે આ સિસ્ટમ જ ખોટી છે આ જાણકારી એકત્ર કરવા માટેની એક વિશેષ પ્રયોગ થઈ રહ્યો છે. તેમણે વધુમાં કહ્યું કે, અહી અમારા ગ્રાહકોની ગુપ્તતાની વિશે ચિંતાનો વિષય છે. ગ્રાહકોના હિતમાં આ મુદ્દાઓનું સોલ્યુશન લાવવા ખુદરા ઉદ્યોગ અને અને ઉદ્યોગ મંડલ ભારતીય ઉદ્યોગ પરિષદ (સીઆઈઆઈ)અને ફિક્કી માટે એક એડવાઈજરી જાહેર કરી હતી. ગ્રાહકોની ફરિયાદ મામલે આ નિર્દેશ જાહેર કરવામાં આવ્યો હતો. રોહિત કુમાર સિંહે કહ્યુ કે ગ્રાહકોએ કેટલાક ખુદરા વેપારીઓ ઉપર ફરિયાદ કરી છે કે મોબાઈલ નંબર ન આપવાથી વેપારીઓ સર્વિસ નથી આપતા. તો આ મામલે તમને જણાવી દઈએ કે ગ્રાહકોએ કોઈ પણ વેપારી પાસેથી વસ્તુ ખરીદવા પર મોબાઈલ નંબર આપવો ફરજીયાત નથી.

# સાવરકુંડલાના શાંતિનાથદાદા જિનાલયની શનિવારે સાલગીરા ઉત્સવની તડામાર તૈયારીઓ









જૈન વિદ્યાર્થી ગૃહમાં શાંતિનાથ દાદા જિનાલયની સાલગીરાહ જેઠ સુદ ૭ શનિવાર તા ૨૭/૫/૨૦૨૩ સોહામણી સાવરકુંડલાની ધન્યધરા પર માદરે તનની માટીની મહેકને માણવા શ્રીધર્મનાથ દાદા – શ્રી શાંતિનાથ દાદાના સાનિધ્યને સાધવા ધ્વજારોહણના પ્રસંગને માણવા પ્રાણને પુલકીત બનાવતા – મનને મુદિત કરતાં ઉરને ઉલ્લાસીત કરનાર – સાલગિરાહ પ્રસંગે પાવન નિશ્રા સુ વિશાલ ગચ્છાધિપતિ શ્રી રામચંદ્ર સૂરીશ્વરજી મ.સા ના સામ્રાજયવર્તી પરમ પૂજય ૭૭ દીક્ષાના દાતા શ્રી આચાર્ય ભગવંત શ્રી વિજય શ્રેયાંશપ્રભ સૂરીશ્વરજી મ.સા, પરમ પૂજય આચાર્ય ભગવંત શ્રી હર્ષદર્શન સુરીશ્વરજી મ.સા, પરમ પૂજય આચાર્ય ભગવંત શ્રી ધર્મદર્શન સુરીશ્વરજી મ.સા આદિ શ્રમણ શ્રમણી ભગવંતો તથા ૨૦ મુમુક્ષરત્નો નિશ્રામાં ધ્વજા રોહન કાર્યક્રમ રાખવામાં આવેલ છે, સાવરકુંડલા થી બહાર વસતા વતન પ્રેમી જે બોમ્બે, અમદાવાદ, સુરત, વડોદરા, ભાવનગર થી શ્રાવકો આવનાર છે. શ્રી સંઘ સ્વામી વાત્સલ્ય નવકારશી – શ્રી સંઘ સ્વામી વાત્સલ્યનો લાભ લેનાર નવીનચંદ્ર છોટાલાલ શેઠ, કાંતિલાલ લક્ષ્મીચંદ શેઠ, લીલાવંતીબેન મનસુખલાલ દોશી, કુંવરજીભાઈ સોમચંદ દોશી, વિમળાબેન હિંમતલાલ દોશી, ત્રંબકલાલ જગજીવનદાસ સંઘવી પરિવાર તથા અનામત મુકેલ સંઘજમણ થઈ કુલ ૭ દિવસ સવારની નોકારથી તથા સંઘ જમણનું આયોજન થયેલ છે. અઢાર અભિષેક, જેઠ સુદ –૫ બુધવાર તા. ૨૪/૫/૨૦૨૩ સવારે ૯:૩૦ કલાકે વિધીકાર – જયદીપભાઈ – પાલીતાણા થી પધારશે, સંગીતકાર – દીપેશ કામદાર તથા અપૂર્વ કામદાર ( ભાવનગર વાળા ) પધારશે રાત્રે ૮:૩૦ કલાકે ભકિત ભાવના. સાવરકુંડલા જિનાલયમાં સાલગીરાહ–ધ્વાજારોહણ જેઠ સુદ –૬ ગુરૂવાર તા. ૨૫/૫/૨૦૨૩ સવારે ૭:૦૦ કલાકે શ્રી સત્તરભેદી પૂજા – શ્રી શાંતી જિન મહિલા મંડળ ભણાવશે, શ્રી જૈન વિદ્યાર્થીગૃહ શાંતિનાથદાદા જિનાલયે ધ્વાજારોહણ સાહેબજીની નિશ્રામાં જેઠ સુદ –૭(બીજી), શનિવાર તા. ૨૭/૫/૨૦૨૩ સવારે ૧૦:૩૦ થનાર છે, ધ્વજારોહણ બાદ – શ્રી સંઘ સ્વામી વાત્સલ્ય અનામય (દાતા પરિવારો તરફથી ) સ્થળ : જૈન વિદ્યાર્થીગૃહ પર રાખવામાં આવેલ છે. તેમજ સાહેબજીના હસ્તે તા. ૨૭/૫/૨૦૨૩ ના રોજ સાવરકુંડલા નગરે વીરતી ઉજાસ સ્મૃતિ ગ્રંથનો વિમોચન સમારંભ રાખેલ છે.

## બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ શંકર | ૧૩૫૦ | ૧૪૪૫ |
| ૨ | મગફળી | ૧૨૭૦ | ૧૩૬૦ |
| ૩ | તલ સફેદ | ૨૪૪૮ | ૨૭૧૨ |
| ૪ | ઘઉં | ૩૯૫ | ૪૭૫ |
| ૫ | ચણા | ૮૮૨ | ૮૯૮ |
| ૬ | ધાણા | ૧૦૪૦ | ૧૧૬૦ |
| ૭ | મેથી | ૯૮૦ | ૧૧૫૦ |

## ખાંભા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૩૧૧ | ૧૪૧૦ |
| ૨ | ચણા | ૯૦૦ | ૯૧૭ |
| ૩ | જુવાર | ૬૫૧ | ૭૪૧ |
| ૪ | તલ સફેદ | ૨૪૭૮ | ૨૬૮૧ |
| ૫ | તલ કાળા | ૨૭૫૧ | ૨૭૫૧ |
| ૬ | ઘઉં | ૪૬૪ | ૪૬૪ |
| ૭ | મગ | ૧૫૦૦ | ૧૬૭૧ |
| ૮ | મગફળી | ૧૦૦૧ | ૧૩૯૦ |
| ૯ | શીંગ દાણા | ૧૧૦૦ | ૧૮૦૦ |
| ૧૦ | સોયાબીન | ૯૨૫ | ૯૩૭ |
| ૧૧ | મેથી | ૧૦૬૧ | ૧૦૬૧ |
| ૧૨ | રાય | ૧૧૨૫ | ૧૧૨૫ |
| ૧૩ | મકાઈ | ૩૫૧ | ૩૫૧ |

## અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મઠડી | ૧૧૯૮ | ૧૪૮૬ |
| ૨ | શિંગ મોટી | ૮૦૦ | ૧૪૪૮ |
| ૩ | શિંગદાણા | ૧૩૭૫ | ૧૮૬૮ |
| ૪ | શિંગદાણા ફાડા | ૧૬૭૦ | ૧૮૬૮ |
| ૫ | તલ સફેદ | ૧૫૦૦ | ૩૦૭૯ |
| ૬ | તલ કાળા | ૨૦૩૦ | ૨૯૦૦ |
| ૭ | તલ કાશ્મીરી | ૨૮૦૦ | ૩૦૪૨ |
| ૮ | બાજરો | ૩૨૫ | ૪૦૫ |
| ૯ | જુવાર | ૪૦૦ | ૯૧૬ |
| ૧૦ | ઘંઉ ટુકડા | ૪૦૭ | ૪૯૦ |
| ૧૧ | ઘઉં લોકવન | ૪૫૦ | ૪૭૭ |
| ૧૨ | મગ | ૯૦૦ | ૧૭૫૧ |
| ૧૩ | ચણા | ૮૩૦ | ૯૫૩ |
| ૧૪ | તુવેર | ૧૩૦૦ | ૧૬૫૧ |
| ૧૫ | કપાસ | ૯૮૬ | ૧૪૧૮ |
| ૧૬ | એરંડા | ૭૯૮ | ૧૧૧૩ |
| ૧૭ | જીરૂ | ૭૧૫૨ | ૮૪૦૦ |
| ૧૮ | રાય | ૮૮૦ | ૧૦૩૦ |
| ૧૯ | ધાણા | ૮૮૦ | ૧૨૪૦ |
| ૨૦ | ધાણી | ૧૧૬૫ | ૧૧૮૫ |
| ૨૧ | અજમા | ૧૫૮૦ | ૨૪૬૫ |
| ૨૨ | મેથી | ૮૦૦ | ૧૧૪૫ |
| ૨૩ | સોયાબીન | ૯૦૦ | ૯૪૦ |

# લાઠી તાલુકાની પ્રાથમિક શાળાઓના મધ્યાહન ભોજન કેન્દ્રોમાં સંચાલક, રસોઈયા અને મદદનીશની આવશ્યકતા

પાના ૧ ઉપરનું ચાલું

## મોર અને માદા દીપડીનું મોત

સિંહ બાળનું પણ ઈનફાઈ ટમાં મોત થયાનું વન વિભાગ પાસે જાણવા મળ્યું હતું. ધારી ગીર પૂર્વના ખાંભા તુલસીશ્યામ રેન્જ નીચેના રબારીકા રાઉન્ડના દલડી ગામે હીરજીભાઈ ભાયાભાઈ તરસરીયા નામના ખેડૂતની વાડીમાં પીજીવીસીએલનાં ટ્રાન્સફોર્મર (ટી.સી.) ઉપર મોરના શિકાર અર્થે ચડેલ દીપડી અને મોર બંનેના ઈલેકટ્રીક શોર્ટ સર્કિટથી મોત નીપજયા હતા. ત્યારે આ ઘટનાની જાણ થતાં ખાંભ તુલસીશ્યામ રેંજનાં વન વિભાગનાં આરએફઓ રાજલ પાઠકની સૂચનાથી ફોરેસ્ટર ચોવટીયાભાઈ સહિતનો સ્ટાફ ઘટનાસ્થળે પહોંચીને દીપડી અને મોર બંનેના મૃતદેહને પીએમ અર્થે ખસેડી આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

ત્યારે ખાંભા તુલસીશ્યામ રેંજના રબારીકા સાઉન્ડમાં મોટા બારમણ ગામ નજીક ૩ મેના રોજ એક સિંહબાળનું અન્ય સિંહ સાથે ઈન ફાઈટમાં મોત નીપજયું હોવાનું વન વિભાગના સૂત્રોમાંથી જાણવા મળ્યું હતું.

પાના ૮ ઉપરનું ચાલું

## માનવતા દાખવવાની જરૂર : ડો. કાનાબાર

વ્યવસ્થા વગર મંજૂરી આપવામાં આવી છે તેના કારણે છે. જેમની જવાબદારી અનધિકૃત દબાણોને હટાવવાની છે તે કાયમ કુંભકર્ણની જેમ ઉઘતું રહે છે અને પછી અચાનક જાગી, ધડાધડ નોટીસો કાઢે છે અને તેનું મહત્તમ નુકશાન નાની દુકાનો વાળા ધંધાર્થીઓને થાય છે.

અગાઉ જેમણે પણ, નિયમોનો ઉલાળિયો કરી મોટા મોટા શોપીંગ સેન્ટરોને મંજુરી આપી દીધી છે તે તમામ સંબંધિત જવાબદાર કર્મચારીઓ પર પગલાં લેવાવા જોઈએ. કેટલીંય જગ્યાએ, કોઈને પણ નડતાં ન હોય તેવા ગ્રાહકોને તડકો ના લાગે તેવા કરાયેલ છાપરાઓને તોડી નાખી નાના વેપારીઓને લાખો રૂપિયાનું નુકશાન પહોંચાડયું છે. કેટલીંય જગ્યાએ, પોતાની દુકાનની શોભા વધારવા ફુટપાથ પર લગાવેલ ટાઈલ્સને ઉખાડી તોડફોડ કરવામાં આવી છે. આમાં કોઈ દબાણ હોતું નથી કેમકે જગ્યાઓ તો ખુલ્લી જ હોય છે. કોઈની પ્રાઈવેટ મીલ્કતને અડચણરૂપ ના હોય કે ટ્રાફીકને નડતરરૂપ ના હોય તેવી નાના ધંધાર્થીઓની લારી અને કેબીનોને તોડી નાખી વહીવટી તંત્રે અત્યાચાર કર્યો છે. અંતમાં કહેવું પડે કે "સમરથ કો નહી દોષ ગુંસાઈ".

## સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ નવી ઉનાળુ | ૧૨૦૪ | ૧૫૦૧ |
| ૨ | શીંગ જીણી | ૧૦૭૧ | ૧૪૬૧ |
| ૩ | શીંગ મોટી | ૧૧૧૨ | ૧૫૨૭ |
| ૪ | તલ પીળા | ૨૭૦૦ | ૨૯૪૦ |
| ૫ | તલ સફેદ | ૨૫૭૦ | ૨૭૯૦ |
| ૬ | તલ કાળા | ૨૪૦૦ | ૨૮૫૦ |
| ૭ | જીરૂ | ૭૮૦૦ | ૮૨૭૫ |
| ૮ | કપાસ | ૧૨૮૦ | ૧૪૨૦ |
| ૯ | ઘઉં લોકવન | ૪૧૮ | ૫૬૧ |
| ૧૦ | ઘઉં ટુકડા | ૪૨૫ | ૫૭૦ |
| ૧૧ | બાજરો | ૩૬૫ | ૪૯૦ |
| ૧૨ | જુવાર | ૪૨૫ | ૮૧૬ |
| ૧૩ | મગ | ૧૪૭૫ | ૧૭૨૦ |
| ૧૪ | અડદ | ૧૩૫૧ | ૧૬૭૧ |
| ૧૫ | ચણા | ૮૮૦ | ૯૫૫ |
| ૧૬ | તુવેર | ૧૪૦૦ | ૧૬૪૫ |
| ૧૭ | એરંડી | ૧૦૫૧ | ૧૧૪૦ |
| ૧૮ | મેથી | ૧૦૦૦ | ૧૨૦૦ |
| ૧૯ | રાય | ૮૫૦ | ૧૦૯૦ |
| ૨૦ | ધાણા | ૧૦૧૧ | ૧૧૭૦ |
| ૨૧ | સોયાબીન | ૮૫૦ | ૮૯૦ |

અમરેલી, તા. ૨૪

લાઠી તાલુકાની પ્રાથમિક શાળાઓના મધ્યાહન ભોજન કેન્દ્રોમાં મધ્યાહન ભોજન સંચાલક, રસોઈયા, મદદનીશની આવશ્યકતા છે. આ ખાલી જગ્યાઓ માટે અરજીઓ મંગાવવામાં આવી છે.

લાઠી તાલુકાની કરકોલીયા, કૃષ્ણગઢ, ચાવંડ પ્લોટ પ્રાથમિક શાળા, ગોવિંદપરા, દામનગર, ધામેલપરા, માલવીયા પીપરીયા, મેથળી ગામની પ્રાથમિક શાળાઓમાં મધ્યાહન ભોજન કેન્દ્રના સંચાલકની નિમણુંક માટે જાહેરનામું બહાર પાડવામાં આવ્યું છે. આ ઉપરાંત ઈંગોરાળા, કૃષ્ણગઢ, ચાવંડ પ્લોટ પ્રાથમિક શાળા, દામનગર, ધામેલપરા, મતિરાળા પ્લોટ પ્રાથમિક શાળા અને મેથળી પ્રાથમિક શાળાના મધ્યાહન ભોજન કેન્દ્રમાં રસોઈયાની આવશ્યકતા છે. ઈંગોરાળા, કૃષ્ણગઢ, દહીથરા, દામનગર, દામનગરના સીતારામનગર, ધામેલપરા, પાડરશીંગા કુમાર પ્રાથમિક શાળા, ભીંગરાડ, મતિરાળા પ્લોટ પ્રાથમિક શાળા, મેથળી અને હિરાણા પ્રાથમિક શાળાના મધ્યાહન ભોજન કેન્દ્રમાં મદદનીશની જગ્યાઓ માટે ભરતી બહાર પાડવામાં આવી છે. આ તમામ જગ્યાઓ માટે માનદ વેતનથી ભરવાની છે. ૨૦–૬૦ વર્ષની વય મર્યાદા ધરાવતા ધો.૧૦ પાસની લાયકાત ધરાવનાર ઉમેદવારોએ આગામી તા. ૩૧મે, ૨૦૨૩ સુધીમાં બપોરે ૩.૦૦ વાગ્યા પહેલાં અરજી કરી મધ્યાહન ભોજન શાખા, મામલતદાર કચેરી લાઠીએ ઉમેદવારીપત્રક પહોંચતું કરવાનું રહેશે, તેમ મામલતદાર લાઠીએ એક યાદીમાં જણાવવામાં આવ્યું છે.

## ધારી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૦૨૫ | ૧૪૧૬ |
| ૨ | મગફળી | ૧૦૩૫ | ૧૩૫૭ |
| ૩ | ઘઉં | ૩૮૪ | ૪૫૧ |
| ૪ | ચણા | ૮૦૧ | ૯૧૫ |
| ૫ | મગ | ૧૬૦૫ | ૧૬૨૫ |
| ૬ | ધાણા | ૯૫૦ | ૧૧૧૦ |
| ૭ | સફેદ તલ | ૨૬૧૦ | ૨૭૧૦ |
| ૮ | કાળા તલ | ૨૬૩૦ | ૨૯૦૦ |
| ૯ | સોયાબીન | ૯૩૧ | ૯૩૧ |
| ૧૦ | શીંગ દાણા | ૧૭૦૬ | ૧૭૦૬ |
| ૧૧ | મેથી | ૧૧૫૦ | ૧૧૫૦ |
| ૧૨ | રાય | ૧૦૮૦ | ૧૦૮૦ |

## બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૨૫૦ | ૧૪૨૫ |
| ૨ | ધાણા | ૧૦૮૦ | ૧૦૮૦ |
| ૩ | ચણા | ૬૭૦ | ૯૧૪ |
| ૪ | ઘઉં લોકવન | ૩૮૪ | ૪૬૧ |
| ૫ | જુવાર | ૭૯૫ | ૭૯૫ |
| ૬ | તુવેર | ૧૦૧૦ | ૧૪૪૫ |
| ૭ | શીંગ ફાડા | ૧૭૦૦ | ૧૭૩૧ |
| ૮ | મગફળી | ૧૨૧૦ | ૧૩૬૦ |
| ૯ | સફેદ તલ | ૨૩૦૦ | ૨૬૮૫ |
| ૧૦ | મગ | ૧૫૦૦ | ૧૭૧૪ |
| ૧૧ | કાળા તલ | ૨૪૪૫ | ૨૫૦૦ |
| ૧૨ | ચણા સફેદ | ૧૧૨૨ | ૧૨૨૨ |
| ૧૩ | એરંડી | ૧૧૦૫ | ૧૧૧૧ |
| ૧૪ | સોયા | ૮૫૦ | ૯૧૧ |
| ૧૫ | ગમગુવાર | ૯૨૫ | ૯૨૫ |
| ૧૬ | મકાઈ | ૫૦૨ | ૫૦૨ |

પાના ૧ ઉપરનું ચાલું

## અમરેલી શહેરમાં ૭૦૦થી વધુ

બની ગયેલ હતા. આવનારા દિવસોમાં પાલિકા દ્વારા દૂર કરવામાં આવેલ દબાણો ફરીવાર છવાઈ ન જાય તે દિશામાં આગવું આયોજન હાથ ધરવા લોકોમાં માંગ ઉઠેલ હતી.

આ અંગે ચીફ ઓફિસર રઘુવીરસિંહ ઝાલા દ્વારા જણાવવામાં આવ્યું હતું કે, નગરપાલિકા દ્વારા નાના–મોટા કોઈ પણ વેપારીઓનો ભેદભાવ રાખ્યા વગર જ કામગીરી કરવામાં આવી છે. હજુ પણ કેટલાક પાકા દબાણો માટેની સર્વેની કામગીરી ચાલુ છે અને ત્યારબાદ વધુ કામગીરી પણ કરવામાં આવશે.

પાના ૮ ઉપરનું ચાલું

## કપાસનાં ભાવો તળિયે બેસી જતાં

મળતા ખેડૂતો નિરાશ થઈ ગયા છે જેને લઈને કપાસ વેચવા આવતા ખેડૂતો ભાવ ન મળવાથી વસવસો વ્યકત કરી રહ્યા. જેમાં હાડિડાના ખેડૂત ભૂપતભાઈ પ્રજાપતિ અને નેસડીના ખેડૂત ભીખાભાઈ પટેલ ડિસેમ્બરનો કપાસ સાચવી સાચવીને રાખ્યો હતો કે ચૂંટણી બાદ ભાવમાં વધારો થશે ને પૂરતા ભાવો મળશે પણ ખેડૂતોની આશાઓ ઠગારી નીવડી અને ખાતર, બિયારણ, મજૂરી બધું મોંઘુ થઈ ગયું હોયને કપાસના ભાવો માત્ર ૧૨૦૦ થી ૧૪૫૦ સુધી થઈ જતા ખેડૂતો સાચવેલા કપાસને ના છૂટકે ઓછા તો ઓછા ભાવે કપાસ યાર્ડમાં વેચી રહ્યા છે. ૧૯૦૦ રૂપિયામાં માંગેલા કપાસ મે મહિનામાં વધુ ભાવ મળવાની આશાઓમાં ૫૦૦ રૂપિયા ઓછા ભાવે ના છૂટકે વેચવો પડયો હોવાના નીસાશા ખેડૂતો નાખી રહ્યા છે ત્યારે એપીએમસીના સેક્રેટરી રમેશ રાદડીયા પણ કપાસના ભાવો ઘટયા હોવાનો સ્વીકાર કરી રહ્યા છે કે કપાસના ભાવો ૧૪૭૧ સુધી માંડ માંડ બજારમાં મળે છે ને અમરેલી જિલ્લામાં ૧૨ હજાર મણ કપાસની આવક સામે ભાવો મળ તા નથી ને મણે ૪૦૦ ઉપરાંતની ખોટ ખેડૂતોને થઈ રહી હોય ત્યારે સરકાર દ્વારા કપાસની ટેકાના ભાવે ખરીદી થાય તો જ ખેડૂતો ઊંચા આવે તેમ એપીએમસી ના સેક્રેટરી કહી રહ્યા છે ત્યારે કૃષિ તજજ્ઞ ચેતન કુંભાણીએ હજુ કપાસમાં ૧૦૦ રૂપિયા ભાવો ઘટે તેવા એંધાણો વર્તાવ્યા છે ને ખેડૂતોને કપાસ વેંચી નાખવાની અપીલ કરતા કૃષિ તજજ્ઞ ચેતન કુંભાણી એ જણાવ્યું હતું કે ઓકટોબરથી લઈને ડિસેમ્બર સુધી ૨૫૦૦ આસપાસ કપાસનો ભાવ રહ્યો હતો. બાદ ભારત દેશે નિકાસ બંધ કરી હોવાથી વૈશ્વિક બજારોમાં કપાસ જતો ના હોય ત્યારે જગતના તાતને કૃષિ તજજ્ઞ એ વિનંતી કરી છે કે હજુ ૧૦૦ રૂપિયા મણે ઘટાડો થવાનો હોય એથી કપાસ સંગ્રહ કરીને રાખવા કરતા વેંચી નાખવો હિતાવહ છે ત્યારે કપાસની કઠણાઈથી ખેડૂતો નિરાશામાં ગરકાવ થયા છે તે વાસ્તવિકતા છે.

સંકુલ ધો. ૧૧-૧૨ ઉચ્ચ ગ્રેડ ને સ્કૂલ ફી માફ

* ધો. ૧૦ બોર્ડ A1 ગ્રેડને ધો. ૧૧–૧૨ બન્ને વર્ષ પૂર્ણ સ્કૂલ ફી માફ
* A2 ગ્રેડ ને બન્ને વર્ષ અર્ધી સ્કૂલ ફી માફ – આર્ટસ કોમર્સ સાયંસ
* ધો. ૧૨ બોર્ડ A1 ગ્રેડને ધો. ૧૧–૧૨ બન્ને વર્ષની ભરેલ સ્કૂલ ફી પરત
* A2 ગ્રેડને બન્ને વર્ષની ભરેલ અર્ધી સ્કૂલ ફી પરત – આર્ટસ કોમર્સ સાયંસ
* ૨૫ વર્ષ થી કાર્યરત KG થી PG સુધીનું નિવાસી ગર્લ્સ કેમ્પસ

શ્રી અમરેલી જિલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સુરત સ્થળ:- શ્રીમતિ શાંતાબેન હરિભાઈ ગજેરા શૈક્ષણિક સંકુલ, ચલાલા રોડ, અમરેલી * ફોન:[illegible] Ad033

## રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | બાજરો | ૩૯૦ | ૪૮૦ |
| ૨ | જુવાર | ૩૦૧ | ૯૬૨ |
| ૩ | ઘઉં ટુકડા | ૩૦૧ | ૪૨૬ |
| ૪ | મકાઈ | ૪૦૦ | ૪૦૦ |
| ૫ | મગ | ૧૬૫૧ | ૧૭૪૦ |
| ૬ | સોયાબીન | ૮૦૦ | ૯૨૦ |
| ૭ | તુવેર | ૧૪૦૦ | ૧૬૦૦ |
| ૮ | ચણા | ૬૫૦ | ૯૦૦ |
| ૯ | મેથી | ૯૫૦ | ૧૧૮૨ |
| ૧૦ | શીંગ | ૧૧૦૧ | ૧૩૫૧ |
| ૧૧ | તલ સફેદ | ૨૨૦૦ | ૨૭૩૯ |
| ૧૨ | તલ કાળા | ૧૯૦૧ | ૨૬૦૦ |
| ૧૩ | કપાસ | ૯૦૦ | ૧૪૩૦ |

## રાજયની જનતાને મોંઘવારી, ભ્રષ્ટાચાર, ગરીબી કે બેરોજગારીથી કોઈ રાહત મળતી નથી

# ગરીબ મતદારોને ભાજપ પ્રત્યેનો એકતરફી પ્રેમ મોંઘો પડી રહ્યો છે

**જીવન જરૂરી ચીજવસ્તુઓનાં ભાવ આસમાને, રોજગારી સમયસર મળતી નથી, ગરીબીનું પ્રમાણ ઘટતું નથી, ભ્રષ્ટાચાર પણ મક્કમગતિએ આગળ વધી રહ્યો છે**

**રાજયની જનતા ભાજપનું કમળ જુએ એટલે દરેક ચૂંટણીમાં ઈવીએમનું બટન દબાવી દે છતાં ભાજપ તરફથી રાહત મળતી નથી**

**સરપંચથી લઈને સાંસદ સુધીની તમામ ચૂંટણીમાં ભાજપ પ્રત્યે અપાર પ્રેમ છતાં બદલામાં જરૂરી સુવિધા મળતી નથી**

**ભાજપનાં તમામ નેતાઓએ રાજયની જનતાનાં પ્રેમનો બદલો વાળવા માટે ગંભીરતાથી કાર્યવાહી કરવી જરૂરી બની**

અમરેલી, તા. ૨૪

અમરેલી જિલ્લા સહિત સમગ્ર ગુજરાત રાજયની ગરીબ અને મધ્યમવર્ગની જનતા તેમાં ખેડૂતો, શ્રમિકો, નવયુવાનો, નાના વેપારીઓ, ગૃહિણીઓનો સમાવેશ થાય છે તે સૌ છેલ્લા ૩૦ વર્ષથી સતત ગ્રામ પંચાયતથી લઈને વિધાનસભાની ચૂંટણીમાં ભાજપ તરફી જબ્બરૂ મતદાન કરીને ભાજપને સફળતાનાં શિખરો સર કરાવી રહી છે. પરંતુ રાજયની જનતાને બદલામાં ગરીબી, મોંઘવારી, બેરોજગારી, ભ્રષ્ટાચાર જેવી સમસ્યાઓ મળી રહી છે અને મતદારોને ભાજપ પ્રત્યેનો પ્રેમ મોંઘો સાબિત થઈ રહ્યો છે.

એક તરફ ગુજરાત એ આર્થિક રીતે સમૃધ્ધ હોવાનો દાવો થઈ રહ્યો છે અને બીજી તરફ રાજયની ૫૦ ટકા વધારે જનતા મફતમાં મળતું અનાજ લેવા મજબૂર બની છે.

રાજયનાં લાખો યુવાનોને શિક્ષણ મેળવ્યા બાદ સરકારી નોકરી મળતી નથી, એક હજાર જગ્યા માટે લાખો યુવાનો પરીક્ષા આપી રહ્યા છે તે જ દર્શાવે છે કે રાજયમાં બેરોજગારી હદ વટાવી રહી છે.આજથી ૧૦ વર્ષ પહેલા રૂપિયા ૫૦૦માં ગૃહિણીઓને મળતો ગેસ સીલીન્ડર રૂપિયા ૧૧૦૦ સુધી પહોંચી ગયો છે તો ૧૦ વર્ષ પહેલા ૬૦–૭૦માં મળતું પેટ્રોલ–ડીઝલનો ભાવ આજે રૂપિયા ૯૦ને પાર થયો છે. તો ખેડૂતોને ખાતર, બિયારણનાં સતત વધતા ભાવો ભારે પડી રહ્યા છે.

અમરેલી જિલ્લા સહિત રાજયની ગરીબ અને મધ્યમવર્ગીય જનતાને મોટાભાગની સરકારી કચેરીઓમાં કડવા અનુભવ થઈ રહ્યા છે. અનેક સરકારી કચેરીઓમાં ભ્રષ્ટાચાર સોળે કળાએ ખિલી ઉઠયો છે. અમુક ભ્રષ્ટ સરકારી કર્મચારીઓ સીધા અથવા તો વચેટિયા મારફત ટેબલ નીચેથી નાણા લીધા બાદ જ આમ આદમીનાં કાયદેસરનાં કામો કરી રહ્યાં છે.અમરેલી જિલ્લામાં ચાલતા માર્ગો, મકાનો, પુલો કે પાણીની પાઈપલાઈનનાં કાર્યોમાં બેફામપણે ભ્રષ્ટાચાર થઈ રહ્યો છે. ભ્રષ્ટ અધિકારી, બેઈમાન એજન્સી અને લાલચુ અમુક રાજકીય આગેવાનોનાં કારણે જનતા જનાર્દનનાં પરસેવાનાં પૈસાની ઉઘાડી લૂંટ થઈ હી હોય સરકાર ધ્વારા નકકર કામગીરીનાં અભાવે ભ્રષ્ટાચારીઓની હિંમત વધી રહી છે.

તદુઉપરાંત નાના વેપારીઓને ધંધાનાં વિકાસ અર્થે બેન્કોમાંથી ઝડપથી ધીરાણ મળતું નથી. ધંધાનાં સ્થળ આસપાસ સ્વચ્છતા, પાર્કિંગનો અભાવ નડી રહ્યો છે તેમજ મોંઘીદાટ વીજળી, સરકારી શાળાનાં અભાવે શિક્ષણથી હજારો બાળકો વંચિત રહી જાય છે તો આરોગ્યલક્ષી સુવિધાઓનાં અભાવે દર્દીનારાયણ પણ જીવન જીવવા સંઘર્ષ કરતાં જોવા મળી રહ્યા છે.આમ તો સત્તાધીશો ચૂંટણી સમયે સરકાર ગરીબો માટે હોય છે.

તેવું આશ્વાસન ગરીબ મતદારોને આપતી હોય છે પરંતુ સત્તા મળ્યા પછી પાટનગરમાં માલેતુજારોની અવરજવર વધતી હોય છે અને માલેતુજારો માટે જ સરકાર બનતી હોય છે કે તેમના માટે કામ કરતી હોય તેવો આભાસ ગરીબ જનતાને થઈ રહ્યો હોય છે.

રાજયનાં મુખ્યમંત્રી સહિત સમગ્ર પ્રધાન મંડળ અને ચૂંટાયેલ સરપંચથી લઈને સાંસદ સુધીનાં પદાધિકારીઓ પોતાના આત્માનો અવાજ શાંતિથી સાંભળીને જનતાનું હિત કરીને જનતા તરફથી મતરૂપી મળેલ અપાર સ્નેશમાં બદલામાં ઉપરોકત તમામ સમસ્યાનું નિરાકરણ કરીને કુદરતની અને ગરીબોની ગુડ બુડમાં નામ નોંધાવે તે જરૂરી છે.

## અમરેલી સીટીમાં પ્રોહિબિશનનાં કામે આરોપીઓનો જામીન ઉપર છૂટકારો



વકિલ મયુરભાઈ ડી. માંજરીયા



વકિલ દિલીપભાઈ એ. બોરીચા

અમરેલી, તા. ૨૪

અમરેલી સીટી પોલીસ સ્ટેશન દ્વારા તા. ૧૦/૪/૨૦૨૩નાં રોજ અમરેલી સીટી પોલીસ દ્વારા અમરેલીના રહીશ અક્ષયભાઈ રમેશભાઈ મારકણા તથા રમેશભાઈ પરશોતમભાઈ મારકણાને ૮૦ બોટલ ઈંગ્લીશ દારૂ(ઈન્ડિયન લીકર) સાથે પકડી પાડેલ. ઉપરોકત આરોપીની જામીન અરજ અમરેલીનાં પ્રિન્સીપાલ એન્ડ ડીસ્ટ્રીકટ સેશન્સ જજ દ્વારા સાંભળી જામીન મુકત કરવાનો હુકમ કરેલ. આરોપી તરફે વકિલ મયુરભાઈ ડી. માંજરીયા તથા દિલીપભાઈ એ. બોરીચાની ધારદાર દલીલોને ધ્યાને લઈ જામીન મુકત કરવાનો હુકમ ફરમાવેલ છે.

### જાગૃત નાગરિક કાંતિલાલ પરમારે મુખ્યમંત્રી પત્ર પાઠવ્યો

## અમરેલીનાં જશવંતગઢ ગામની અગણિત સમસ્યાઓનું ઝડપથી નિરાકરણ કરવા માંગ

**પાણી, માર્ગ, સ્વચ્છતા, રોજગારી સહિતની સમસ્યાનું નિરાકરણ જરૂરી**

અમરેલી, તા.૨૪

અમરેલીનાં જશવંતગઢ ગામનાં જાગૃત નાગરિકે મુખ્યમંત્રીને પત્ર પાઠવેલ છે.

પત્રમાં જણાવેલ છે કે, ૧) અમરેલી તાલુકાનાં જશવંતગઢ ગામમાં અનુસુચિત જાતિનાં લોકોને ૧૦૦ ચો.વારનાં પ્લોટ માટે ફાળવેલ જમીન પર ગ્રામ પંચાયત અને તેનાં મળતિયાઓ દ્વારા બુલડોઝર ફેરવી દીધેલ છે. હાલ ત્યાં મફત પ્લોટની જગ્યા બચી નથી જેથી ડો.આંબેડકર કોલોની સામે આવેલ ગૌચરની જગ્યામાંથી ગામતળની જમીન નીમ કરવામાં આવે એન ત્યાં કે જયાં ગામ તળની જમીન નિમેલ છે. ત્યાંની જમીન ગૌચરમાં ભેળવી દેવામાં આવે જેથી ગૌચર જળવાઈ રહે અને અમારી માંગણી મુજબનું ગામતળ નીમ કરવા માંગ છે.

વધુમાં જણાવેલ છે કે છેલ્લા ૧૪ વરસથી મફત પ્લોટ ફાળવેલ નથી ગામમાં ભૂમિહીન અનુસૂચિત જાતિનાં લોકો તેમજ નબળા વર્ગનાં લોકોને મફત પ્લોટ મળે તે માટે દર ત્રણ મહિને તાલુકા લેન્ડ કમિટિની મીટીંગ ફરજીયાત બોલાવવા અને ૧૦૦ ચો.વારનાં પ્લોટ ફાળવો અનુસુચિત જાતિ વર્ગ સમુહનાં લોકો માટે સ્મશાનની જમીન નીમ કરવામાં આવેલ છે.

આ સ્મશાનમાં ડાઘુઓને ન્હાવા માટે પાણીનો બોર, સબમર્સીબલ પંપ, બેસવા માટે બાકડા, કમ્પાઉન્ડ વોલ, સ્મશાન છાપરી જેવી પાયાની સુવિધા ઉપલબ્ધ કરવી. જશવંતગઢ ગામે શીતળા માતાનાં મંદિર પાસે તળાવની અંદર અનુસુચિત જાતિ તથા અન્ય નબળા વર્ગનાં ૧૭ કરતા વધુ અનુસુચિત જાતિનાં અને અન્ય નબળા વર્ગનાં વ્યકિતઓને સનદ પ્લોટની જમીનની મળેલ છે. પણ જે લોકોને જમીન ફાળવવામાં આવેલ છે. તેમણે પ્લોટ અંગેની જમીનના કબજા લીધેલ નથી. જે જમીન પર ૧૦૦ ચો.વારનાં પ્લોટ ફાળવવામાં આવેલ છે. ત્યાં તળાવમાં ચોમાસામાં ખુબ જ મોટા પ્રમાણમાં પાણી ભરાય છે.

જેથી આ જગ્યા પર રહેણાંક મકાન બનાવવા જીવન માટે ખુબ જ જોખમી છે. જે પ્લોટની જમીન જયાં આપવામાં આવેલ છે. ત્યાં પાણી ચોમાસામાં ભરાય છે. જેથી અન્ય સુરક્ષિત જગ્યાએ ગામતળ નીમ કરી આ બાબતે જરૂરી કાર્યવાહી કરી ૧૦૦ ચો.વાર ફાળવવામાં આવેલ છે. ત્યાં તળાવમાં ચોમાસામાં ખુબ જ જોખમી છે. જે પ્લોટની જમીન જયાં આપવામાં આવેલ છે. ત્યાં પાણી ચોમાસામાં ભરાય છે. જેથી અન્ય સુરક્ષિત જગ્યાએ ગામતળ નીમ કરી આ બાબતે જરૂરી કાર્યવાહી કરી ૧૦૦ ચો.વાર ફાળવેલ પ્લોટનાં કબ્જો આપો.

વધુમાં જણાવેલ છે કે અનુસુચિત જાતિ અને નબળા વર્ગ સમુહનાં લોકો માટે MGNREGA (મનરેગા) નીચે રોજગારીની વ્યવસ્થા કરો. અનુસુચિત જાતિ રહેણાંક વિસ્તાર ડો.આંબેડકર કોલોનીથી અમરેલી – રાજકોટ હાઈ–વે સુધીનો અમરેલી હાઈવે કનેકટીંગ રોડ ડામર રોડ અથવા સીસી રોડ બનાવી આપો.

વધુમાં જણાવેલ છે કે, અનુસુચિત જાતી રહેણાંક વિસ્તાર ડો.આંબેડકર લોકોનીની બાજુમાંથી આખા જશવંતગઢ ગામનું ગંદુ– ગોબરૂ પાણી ગટર મારફત કાઢવામાં આવે છે. જે ગટરનું ગંદુ પાણી આરોગ્ય માટે જોખમી છે. અને બંધારણીય આર્ટીકલ ૨૧ હેઠળ ગૌરવપુર્ણ રીતે જીવન જીવવાનાં આમારા બંધારણીય અધિકારનો ભંગ કરે છે.

વાસ્મો દ્વારા પીવાનાં પાણી માટેની મોટી પાઈપ લાઈન નાખવામાં આવે છે, પણ અનુસુચિત જાતિ રહેણાંક વિસ્તાર ડો.બાબા સાહેબ આંબેડકર કોલોની રહેણાંક વિસ્તારમાં જ્ઞાતિ આધારિત ભેદભાવ રાખી અહી પાઈપલાઈન નાખવામાં આવતી નથી જે બાબતે તપાસ થવા અને અહીનાં અનુસુચિત જાતિ રહેણાંક વિસ્તારમાં વાસ્મો દ્વારા પાણીની પાઈપલાઈન નાખો.

વધુમાં જણાવેલ છે. કે, અનુસુચિત જાતિ રહેણાંક વિસ્તારમાં રવજીભાઈ ગેલાભાઈના ઘરથી હરિભાઈ ગોવિંદભાઈના ઘરની પાછળનાં ભાગ સુધી જીણાભાઈ દેશાભાઈનાં ઘરથી ધીરૂભાઈ અરજણભાઈ ભીખાભાઈના ઘરનાં પાછળનાં ભાગ સુધી સીસી રોડ અથવા પેવર બ્લોક નાખી રોડ બનાવી આપો.

વધુમાં જણાવેલ છે કે, અનુસુચિત જાતિ રહેણાંક વિસ્તારમાં આવેલ ગટર દરરોજ ઉભરાઈ જાય છે અને ગંદી વાસ આવે છે.

જેનાં કારણે આરોગ્યને અસર થાય છે. અને અમો બીમાર પડીએ છીએ જેથી તે ગટરો દરરોજ સાફ કરાવવામાં આવે છે.વધુમાં જણાવેલ છે કે, અનુસૂચિત જાતી રહેણાંક વિસ્તાર ડો.આંબેડકર લોકોની અંદર રહેતા અને મજુરી કરતા તમામ લોકોનાં નામો બીપીએલમાં ઉમેરવા અંતમાં માંગ કરેલ છે.


ધોરણ-૧૦ ના ઓનલાઇન પરિણામનાં દિવસથી જ ધોરણ ૧૧

**સ્કૂલ-હોસ્ટેલમાં પ્રવેશ શરૂ (૨૦૨૩-૨૪)**

- ધોરણ ૧૦નાં પરિણામની ઓનલાઇન પ્રિન્ટ સાથે પ્રવેશ આપવામાં આવશે.
- ધોરણ ૧૧ આર્ટસ/કોમર્સ/સાયન્સમાં વહેલા તે પહેલાના ધોરણે પ્રવેશ મેળવી લેવા વિનંતી.
- ભાઇઓ તથા બહેનો માટે અત્યાધુનિક ઇન્ફ્રાસ્ટ્રકચર ધરાવતી અલગ–અલગ હોસ્ટેલ સુવિધા.
- હોસ્ટેલમાં મર્યાદિત શીટ પર પ્રવેશ આપવાના હોય વહેલા તે પહેલાના ધોરણે પ્રવેશ આપવામાં આવશે.

ધોરણ ૧૧માં કોઇપણ શાળામાં પ્રવેશ મેળવતા પહેલા વિદ્યાસભા કેમ્પસની મુલાકાત લેવા વિદ્યાસભા પરિવાર આવકારે છે

કોઇપણ શાળામાં ધોરણ ૧૦માં A1 ગ્રેડ પ્રાપ્ત કરનાર વિદ્યાર્થીઓને ધોરણ ૧૧ સાયન્સ/કોમર્સ/આર્ટસની ૧૦૦% ફી માફી.

| સ્કૂલ ફી વિગત | સત્ર ફી |
| --- | --- |
| ધોરણ ૧૧-૧૨ સાયન્સ (Jee/Neet/ટ્યુશન વ્યવસ્થા) | ૧૮૦૦૦ |
| ધોરણ ૧૧-૧૨ કોમર્સ | ૧૦૦૦૦ |
| ધોરણ ૧૧-૧૨ આર્ટસ | ૭૫૦૦ |

- ઉપરોકત ફીમાં AC સ્માર્ટ કલાસ, નિશુલ્ક ટ્યુશન વ્યવસ્થા
- Jee/Neet/Gujcetની પહેલા દિવસથી જ તૈયારી
- ક્વોલીફાઇડ અને અનુભવી તજજ્ઞ શિક્ષકોની ટીમ દ્વારા શિક્ષણકાર્ય.
- ડેઇલી ટેસ્ટ/રીપીટેડલી રાઉન્ડ/કવાર્ટરલી એકઝામ દ્વારા વિદ્યાર્થીઓનું સતત મુલ્યાંકન.
- દર મહિને વાલી મીટીંગ દ્વારા વિદ્યાર્થીઓને પ્રોગ્રેસ રીપોર્ટ અંગે માહિતી

એડમિશન હેલ્પલાઇન નંબર - 94262 35335

શ્રીમતી શાંતાબેન હરિભાઇ ગજેરા ઉચ્ચતર માધ્યમિક શાળા સ્કૂલ

ડો. જીવરાજ મહેતા સંસ્થાપિત અમરેલી જિલ્લા વિદ્યાસભા સંચાલિત લાઠી રોડ, અમરેલી. ફોન નં. (૦૨૭૯૨) ૨૩૦૫૧૧

www.vidyasabha.com


### તાલુકા કોંગ્રેસ ઉપપ્રમુખ વિપુલ પોકિંયાની રજુઆત બાદ

## હાશકારો : અમરેલીના શેડુભારથી મોટા માચીયાળા વચ્ચે માયનોર બ્રીજ મંજુર

**પૂર્વ ધારાસભ્ય પરેશ ધાનાણીની મહેનતથી કામ પૂર્ણ**

અમરેલી, તા. ૨૪

છેલ્લા ઘણા વર્ષોથી શેડુભારથી મોટા માચીયાળા વચ્ચે નાળા ઉપરથી ચોમાસાની સીઝન દરમ્યાન લોકોને ચાલતા કે વાહનો દ્વારા અવર–જવર કરવામાં પારાવાર મુશ્કેલીઓનો સામનો કરવો પડતો હતો, જે મુશ્કેલીઓનો કાયમી અંત લાવવા માટે તાલુકા કોંગ્રેસના ઉપપ્રમુખ એ મહેનત કરીને પૂર્વ ધારાસભ્ય પરેશ ધાનાણીને રજૂઆત કરીને તે જગ્યા ઉપર માઈનોર બ્રીજ મંજૂર કરાવતા આજરોજ બ્રીજનું કામ સંપૂર્ણ રીતે પુર્ણ થઈ ગયેલ છે.

જેથી કરીને શેડુભારથી મોટા માચીયાળા વચ્ચે લોકોને અવર–જવર કરવા માટે અત્યંત સરળ બની ગયેલ છે અને હરિપુરાથી સુરગપુરા જતો ડામર રોડ તથા શેડુભારથી મોટા માચીયાળાના બ્રીજની બાજુમાં જ વરસાદી પાણીના વહેણના હિસાબે રોડનું ધોવાણ થઈ જતુ હતું, જેને લીધે ડામર રોડની સાઈડ પર ધોવાણ થઈ જતા અકસ્માતનો ભય રહેલો હતો જે સમસ્યાઓનું નિરાકરણ લાવવા માટે તાલુકા કોંગ્રેસ ઉપપ્રમુખે વહીવટી તંત્રને રજુઆત કરીને સફળ રીતે સેફટી દિવાલનું કામ પરીપૂર્ણ કરાવેલ છે તથા શેડુભાર થી હરીપુરા જવા માટે શેડુભાર ખોડીયાર માતાજીના મંદિર પાસે જ વળાંકમાં જ લોકોને વાહનો વાળવામાં ખુબ જ મુશ્કેલીઓનો સામનો કરવો પડતો હતો જે અઘરો અને વિકટ પ્રશ્ન હતો પરંતુ તાલુકા કોંગી ઉપપ્રમુખ વિપુલ પોંકિયાએ પોતાની સૂઝબૂઝથી વહીવટી તંત્રને સફળ રજુઆત કરીને તે સ્થળ ઉપર આર.સી.સી.ના ભૂંગળા મૂકીને તેની ઉપર આર.સી.સી. કરાવીને સમસ્યાનું કાયમી નિરાકરણ કરેલ છે.

### જાગૃત અગ્રણીએ ધારાસભ્યને પત્ર પાઠવ્યો

## સાવરકુંડલાનાં વોર્ડ-પ માં આવેલ હાથાનાં આંબાની ખોડિયાર ડેમનું સમારકામ કરવા માંગ

**સમારકામ બાદ પાણી ભરવામાં આવે તો ફાયદો થશે**

સાવરકુંડલા, તા. ૨૪

સાવરકુંડલા શહેરના વોર્ડ નંબર પાંચનાં અગ્રણી આલ કરસનભાઈએ સાવરકુંડલાના ધારાસભ્ય મહેશભાઈ કસવાલા તથા અમરેલી સાંસદ નારણભાઈ કાછડીયાને સંબંધીને પત્ર દ્વારા રજૂઆત કરતાં જણાવ્યું હતું સાવરકુંડલા વોર્ડ નંબર પાંચનાં ગામથી નજીકના વિસ્તારમાં આવેલા હાથાના આંબાની ખોડિયાર ડેમ આવેલ છે. આ ડેમ વર્ષોથી બનેલ છે પરંતુ તેમાં પાણી ટકતું નથી. તેથી નીચાણવાળા વિસ્તારોમાં પાણીની તંગી રહે છે અને ચોમાસા દરમિયાન કિંમતી પાણી ડેમના પાળામાંથી લીક થાય છે અને ડેમ પણ જલ્દી ખાલી થઈ જાય છે. જો આ ડેમનું સમારકામ કરવામાં આવે અને ડેમને ઊંડો ઉતારવામાં તો આજુબાજુના નીચાણવાળા વિસ્તારોમાં પાણીનું સ્તર ઊંચું આવી શકે તેથી આ વિસ્તારના ખેડૂતોનો પાણીનો પ્રશ્ન હલ થઈ શકે છે.

જો આ ડેમનું યોગ્ય સમારકામ થાય અને ચોમાસાના પાણીથી ભરાઈ અને જરૂરી હોય તો મહી નદીનું પાણી આ ડેમમાં ઠાલવવામાં આવે તો આ વિસ્તારના ખેડૂતોનો પાણીનો કાયમી પ્રશ્ન હલ થઈ શકે તેમ છે આ વિસ્તારના ખેત મજૂર લોકોને સારી એવી રોજી કાયમી માટે મળી શકે તેમ છે ખેડૂતો પણ બધા પાક લઈ શકે અને બમણી આવક થાય તેમ છે આપણો ખેતીપ્રધાન દેશ હોય અને ખેતીની આવક ઉપર નિભાવ નિર્ભર હોય તો ખેત મજૂર વધારે પડતા હોય દરેકને કાયમી મજૂરી મળી રહે અને પોતાના પરિવારનું ભરણપોષણ ખેતમજૂરી દ્વારા કરી શકે.

આ સંદર્ભે હાથાના આંબાની ખોડિયાર ડેમ કાયમી માટે ભરાઈ તેવી વ્યવસ્થા કરવા અને એ માટે જે જરૂરી હોય તે તમામ કાર્યવાહી શકય હોય તો આ સંદર્ભે મહી નદીનું પાણી તેમાં ઠાલવાય તેવી વ્યવસ્થા થાય તો ખેડૂતોના નસીબ ખુલી જાય. જેમ સૂરજવડીના ડેમની અંદર સરકારની ડેમ ભરવાની યોજના કરી છે તેમ હાથાના આંબાની ખોડીયાર ડેમ પણ ભરવાની વ્યવસ્થા થાય તેવી રજૂઆત કરવામાં આવી છે.

# અમરેલીનાં મોટા બસસ્ટેન્ડ ચોકનાં વેપારીઓનો સ્નેહમિલન કાર્યક્રમ યોજાયો



મોટા બસસ્ટેન્ડ ચોક વેપારી એસોસિએશનની પ્રથમ મીટીંગ અને સ્નેહમિલન કાર્યક્રમનું આયોજન તારીખ ૧૯/૫/૨૩ ને શુક્રવારનાં રોજ શ્રી બાળ હનુમાનજી મંદિર ખાતે કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે એસોસિએશનના પ્રમુખ દિનેશભાઈ ભુવાએ બધા વેપારી મિત્રોને સંબોધન કરતા જણાવ્યું કે આ એસોસિએશનનો મુખ્ય ઉદ્દેશ વેપારી મિત્રો એકબીજાની નજીક આવે વેપારની આપ લે કરીને સંબંધો મજબૂત થઈ શકે એસોસિયેશનના મેમ્બરને ધંધા રોજગાર કોઈ મુશ્કેલી કે અસામાજિક તત્વોની હેરાનગતિ હોય તો એસોસિએશન સાથે રહેશે. આપણા સંગઠન થકી આપણા વેપાર ધંધાને વેગ મળી રહે તે હેતુથી કામગીરી થશે. સમાજને ઉપયોગી થઈ શકે તેવા વિવિધ કાર્યો દ્વારા વેપારી એકતાને મજબૂત બનાવીશું તેમ જણાવેલ.

મોટા બસસ્ટેન્ડ ચોક વેપારી એસોસિયેશનનાં આમંત્રણને માન આપી પધારેલ કૌશિકભાઈ વેકરિયા, ડોકટર કાનાબાર તેમજ મુકેશભાઈ સંઘાણી, ડીસ્ટ્રીક ચેમ્બર ઓફ કોમર્સના સભ્યો ચતુરભાઈ અકબરી, ગિરીશ ભાઈ ભટ્ટ મુકુંદભાઈ ગઢીયા તથા વેપારી મહામંડળ અમરેલીના બીરજુભાઈ અટારા, ટાવર ચોક વેપારી એસોસિએશનના પ્રમુખ હિતેશભાઈ પોપટ ઉપસ્થિત રહ્યા હતા. તથા કારોબારીની અને સલાહકાર સમિતિની રચના કરવામાં આવી છે. સલાહકાર સમિતિમાં દકુભાઈ ભુવા, હકુભાઈ ચૌહાણ, જગદીશભાઈ ધરજીયા, ભાસ્કરભાઈ જોબનપુત્રા, વિનુભાઈનો સમાવેશ કરવામાં આવ્યો હતો. કારોબારી સમિતિમાં પ્રમુખ તરીકે દિનેશભાઈ ભુવાની સર્વાનુમતે વરણી થયેલ કારોબારી સમિતિના અન્ય સભ્યોમાં શૈલેષભાઈ ચૌહાણ, અજયભાઈ ધાધલ, વિજયભાઈ બુંદેલીયા, ગોપાલભાઈ ઝિંઝુવાડીયા, આશિષભાઈ સોજીત્રા, કિશનભાઈ ધરજીયા, ગોપાલભાઈ ટાંક , હિરેનભાઈ ગાંગડીયા, શશાંકભાઈ મહાજન, પરેશભાઈવડેરા, મુકેશભાઈ કુંજડિયા, ભરતભાઈ સાવલિયા, તપનભાઈ, ધર્મેન્દ્રભાઈ ભંડેરી, જયેન્દ્રભાઈ, પ્રફુલ્લભાઈ ચોવટીયા, બિપીનભાઈ ગજેરા, સુરેશભાઈ આદ્રોજા, ભરતભાઈ ચાવડા, પ્રતિકભાઈ વેકરિયા, જયદેવભાઈ કોઠીવાર, અમિતભાઈ તથા ગોપાલભાઈ ભટ્ટનો સમાવેશ કરવામાં આવ્યો છે. મોટા બસ સ્ટેન્ડ ચોક વેપારી એસોસિએશનના સંગઠનને વેપારીઓ દ્વારા સારો પ્રતિસાદ મળી રહ્યો છે. તેવુ ગોપાલ ઝીંઝુવાડીયાની અખબારી યાદીમાં જણાવેલ હતું.

## લોહી-પાણી એક કરીને તૈયાર થતાં કપાસનો પડતર ભાવ પણ મળતો નથી

# કપાસનાં ભાવો તળિયે બેસી જતાં ખેડૂતોમાં નિરાશા

જગતનું પેટ ભરીને જગતાતનું બિરૂદ મેળવનાર ખેડૂતોને તેમના પરિવારનું ગુજરાન ચલાવવું મુશ્કેલ બન્યું

વિધાનસભાની ચૂંટણી પહેલા રૂપિયા ૨ હજારનો ભાવ મળ્યો ને હવે માત્ર રૂપિયા ૧૨૦૦થી ૧૪૦૦ મળે છે

ખાતર, બિયારણ, દવા, ડીઝલનાં ભાવો આસમાને પહોંચ્યા હોય છતાં પણ ખેડૂતોને ૨ હજારનો ભાવ મળતો નથી

આગામી દિવસોમાં ભાવમાં હજુ પણ ઘટાડો થવાની સંભાવનાથી ખેડૂતોની ચિંતામાં સતત વધારો થઈ રહ્યો છે



અમરેલી, તા. ૨૪

કાળી મજૂરી કરીને ખેતરોમાં દિવસ રાત ઉજાગરા કરીને પકવાતી ખેત જણસોને લઈને જગતના તાત દિવસેને દિવસે પોષણક્ષમ ભાવોને લઈને વ્યાપક નિરાશામાં ગરકાવ થઈ ગયા છે. ત્યારે અમરેલી જિલ્લાના એપીએમસીઓ જાહેર હરરાજીમાં ખેડૂતોને કપાસના માત્ર ૧૨૦૦ થી ૧૪૫૦ સુધીમાં ભાવો મળતા ખેડૂતો જાયે તો જાયે કહાં જેવી સ્થિતિ નિર્માણ પામી છે. અમરેલી જિલ્લાના એપીએમસી સેન્ટરમાં અમરેલી, સાવરકુંડલા, રાજુલા, લાઠી, બાબરા, ધારી, બગસરા, ટીંબી, ખાંભા માર્કેટીંગયાર્ડ આવેલા છે ને કપાસ હજુ પણ યાર્ડમાં ઠલવાઈ રહ્યો છે પણ ખેડૂતોને જે ભાવ મળવા જોઈએ તે કપાસમાં હજુ મલી રહ્યા ના હોય ત્યારે ખેડૂતો હૈયા વરાળ કાઢી રહ્યા છે કેમ કે ચૂંટણી સમયે ૨ હજાર ઉપરના કપાસના ભાવો સામે હાલ ૧૨૦૦ થી લઈને ૧૪૫૦ સુધીના ભાવો ખેડૂતોને

અનુસંધાન પાના ૬ ઉપર

## પુર્વ મંત્રી અને ખેડૂત નેતા બાવકુભાઈ ઉંઘાડે ઉર્જા મંત્રીને પત્ર પાઠવ્યો

# અમરેલી જિલ્લા સહિત રાજયભરનાં ખેડૂતોને ખેતી વિષયક વીજ જોડાણમાં લોર્ડ વધારવાની અરજી માટે સમય મર્યાદા વધારો

## ૩૧ મે ને બદલે ૩૧ જુલાઈ સુધી સમય વધારવા માંગ કરી





અમરેલી, તા. ૨૪

રાજયનાં પુર્વ મંત્રી અને ખેડૂત નેતા બાવકુભાઈ ઉંઘાડે, રાજયનાં ઉર્જામંત્રી કનુભાઈ દેસાઈને પત્ર પાઠવેલ છે.

પત્રમાં જણાવેલ છે કે, ખેતી વિષયક સ્વૈચ્છિક જાહેરાત – ૨૦૨૨, હેઠળ ખેતી વિષયક વિજજોડાણોની લોડ વધારાની અરજીઓ માટે ખેડૂત અરજદારો માટે ફીક્ષ સર્વિસ કનેકશન ચાર્જમાંથી મુકિત આપેલ. એટલે કે કોઈપણ ખેડૂતને ખેતીવાડીનાં હયાત વિજકનેકશનમાં લોડ વધારો લેવો હોય તો તેનો કોઈ ચાર્જ નહી ભરવાનો એન ખેડૂતોને કોઈપણ રૂપીયાનો ચાર્જ ચુકવ્યા વગર લોડ વધારો ફી માં આપવાનો સરકારે જે નિર્ણય લીધો તે બદલ ખુબ ખુબ અભિંનદન, પરંતુ કમોસમી વરસાદનાં લીધે ખેડૂતો ખેતીનાં કામમાં રોકાયેલા હતા. અને તેનાં લીધે અનેક લોકો સુધી ખેતીવાડીનાં વીજકનેકશનમાં ફી માં લોડ વધારો આપવની આ યોજનાનાં સમાચાર ઘણા ખેડૂતો સુધી પહોંચ્યા ન હતા. તા. ૩૧/૫/૨૦૨૩ સુધી જ આ યોજનાનો લાભ લઈ શકાય તેમ છે. તો આ યોજના માટે બે મહિના (૬૦ દિવસ) નો સમય મર્યાદ વધારી આપવો ખુબ જરૂરી હોય તેથી વધારે પ્રમાણમાં ખેડૂતો આ યોજનાનો લાભ લઈ શકે, તો પરિપત્રમાં મુદત વધારી આપવા અંતમાં માંગ કરેલ છે.

## લાઠીનાં મતીરાળા ગામની ઘટના

# ઘરકામ બાબતે માતાએ ઠપકો આપતાં યુવતીએ ગળાફાંસો ખાઈ લીધો

## બનાવ અંગે પોલીસે ધોરણસરની કાર્યવાહી હાથ ધરી

અમરેલી, તા. ૨૪

લાઠી તાલુકાનાં મતીરાળા ગામે રહેતી રિધ્ધિ ડાયાભાઈ બગડા નામની ૧૯ વર્ષિય યુવતીને તેની બાએ કામકાજ બાબતે ઠપકો આપતા આ યુવતીને મનમાં લાગી આવતા આવેશમાં આવી જઈ તા. ૨૨ નાં રોજ બપોરનાં સમયે પોતાની મેળે ગળાફાંસો ખાઈ લેતા તેણીનું મોત નિપજયાનું લાઠી પોલીસમાં જાહેર થવા પામેલ છે.

## ટ્રાફિકને નડતરરૂપ ન હોય તેવા દબાણો દુર કરવાનો મતલબ નથી

# અમરેલી શહેરમાં દબાણ હટાવવાની કામગીરીમાં વહીવટી તંત્રએ માનવતા દાખવવાની જરૂર : ડો. કાનાબાર

## રહેણાંક વિસ્તારમાં દબાવવામાં આવેલ સાર્વજનિક પ્લોટને ખુલ્લા કરવાની જરૂર



અમરેલી, તા. ૨૪

અમરેલી શહેરમાં આજે થયેલ દબાણ હટાવની કામગીરીને લઈને ભાજપ અગ્રણી ડો. ભરતભાઈ કાનાબારે આકરી પ્રતિક્રિયા આપેલ છે.

તેઓએ એક નિવેદનમાં જણાવેલ છે કે, શહેરને સુંદર બનાવવાને બદલે આડેધડ ઓટલા અને ફુટપાથો તોડી શહેરની શોભા બગાડી નાખી છે. વગદાર અને મોટા માથાંઓના દબાણો હટાવવામાં નિષ્ફળ ગયેલ તંત્ર નાનાં ધંધાર્થીઓ પર તૂટી પડયું છે.

જાણે કોઈ વિદેશી ધરતી પર આક્રમણ કરવાનું હોય તેમ સુરક્ષા કર્મીઓનાં ધાડાં લોકોને ડરાવવા ઉતરી પડે છે. અમરેલીના વેપારીઓ અને જનતા ભયમાં ફફડી રહી છે. કટલીંય જગ્યાએ વિના કારણે તોડફોડ કરાય રહી છે. જનતા આ અન્યાયનો નિર્ભિયતાથી સામનો કરે. જયાં જરૂર વગર અને કારણ વગર ડીમોલીશન થતું હોય તેનો સામૂહિક વિરોધ કરે. હાથ જોડીને બેસી રહેવાથી નહીં ચાલે.

અમરેલી શહેરની કેટલીંય સોસાયટીઓ અને શેરીઓમાં અંદરના રસ્તા બંધ કરી દેવાયા છે અને ત્યાં મકાનો ચણાઈ ગયા છે તેને હટાવવાનું તંત્રને સુઝતું નથી. કેટલાંય વિસ્તારોમાં સોસાયટીના કોમન પ્લોટો પર પ્રાયવેટ બાંધકામ થઈ ગયા છે. અમરેલીમાં કેટલાંય રસ્તાઓ પર ટ્રાફીકના પ્રશ્નો ઉભાં થાય છે પણ તેને માટે રસ્તા પરના શોપીંગ સેન્ટરોને પાર્કીંગની

અનુસંધાન પાના ૬ ઉપર















*પીઆરબી એકટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)